પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૦૩, કુલ પાના:૪, તારીખ: ૨૨-૦૪-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 203 PRICE :-RS. 1.50 DATE : 22-04-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોરોનાએ તોડ્યા તમામ રેકોર્ડ, એક દિવસમાં ૨૦૨૦ના મોત, ૨.૯૪ લાખ લોકો સંક્રમિત

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસની બીજી લહેર ખૂબ જ ઘાતક સાબિત થઈ રહી છે અને દરરોજ સર્વાધિક મૃત્યુનો નવો રેકોર્ડ બની રહ્યો છે. વર્લ્ડોમીટરના અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના કારણે ૨૦૨૦ દર્દીઓના મોત થયા હતા. ગત વર્ષે મહામારીની શરૂઆત થઈ ત્યારથી લઈને અત્યાર સુધીનો આ સૌથી વધુ દૈનિક મૃતકઆંક છે. દેશમાં પહેલી વખત એક દિવસમાં જ ૨,૦૦૦થી વધારે લોકો કોરોનાના કારણે મૃત્યુ પામ્યા છે. આ સાથે જ સક્રિય દર્દીઓની સંખ્યામાં પણ ભારે વધારો થયો છે.



છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨,૯૪,૧૧૫ સંક્રમિત દર્દીઓ નોંધાયા હતા. આ પણ દેશમાં એક જ દિવસમાં નોંધાયેલા સંક્રમિતોનો સૌથી ઉંચો આંકડો છે. આ સાથે જ દેશમાં કોરોનાના કારણે મરનારા લોકોની કુલ સંખ્યા વધીને ૧,૮૨,૫૭૦ થઈ ગઈ છે. જ્યારે અત્યાર સુધીમાં સંક્રમિત થયેલા કુલ લોકોની સંખ્યા ૧,૫૬,૦૯,૦૦૪ છે. હાલ દેશમાં ૨૧,૫૦,૧૧૯ દર્દીઓ સારવાર અંતર્ગત છે જે કુલ સંક્રમિતોની સંખ્યાના ૧૩.૮ ટકા જેટલા છે.

કોરોના સંક્રમિતોના સાજા થવાનો દર પણ સતત ઘટી રહ્યો છે અને હવે માત્ર ૮૫ ટકાએ પહોંચ્યો છે. પ્રાપ્ત અહેવાલ પ્રમાણે વાયરસથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા વધીને ૧,૩૨,૬૯,૮૬૩ થઈ ગઈ છે. જો કે, કોરોનાથી રાષ્ટ્રીય સ્તરે મૃત્યુ દર ઘટીને ૧.૨૦ ટકા થઈ ગયો છે પરંતુ મહારાષ્ટ્રમાં આ દર ૧.૫ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૧.૬ ટકા છે.

મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તરપ્રદેશ સહિત ૧૧ રાજ્યમાં સ્થિતિ નિયંત્રણની બહાર જઈ રહી છે. આ રાજ્યોમાં રેકોર્ડ લોકો સંક્રમિત થઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨,૦૯૭, ઉત્તરપ્રદેશમાં ૨૯,૫૭૪, દિલ્હીમાં ૨૮,૩૯૫, કેરળમાં ૧૯,૫૭૭, કર્ણાટકમાં ૨૧,૭૯૪, છત્તીસગઢમાં ૧૫,૬૨૫, રાજસ્થાનમાં ૧૨,૨૦૧, મધ્યપ્રદેશમાં ૧૨,૭૨૭, ગુજરાતમાં ૧૨,૨૦૬, તામિલનાડુમાં ૧૦,૯૮૬, બિહારમાં ૧૦,૪૫૫ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

મહારાષ્ટ્રમાં કોરોના સતત હાહાકાર મચાવી રહ્યો છે. અમરાવતીના એક કોરોના સેન્ટરના ૪૦ કર્મચારી કોરોના પોઝિટિવ નીકળ્યા છે. જેમાં ડોક્ટર, નર્સ, સફાઈ કર્મચારી સામેલ છે. આ મામલો સામે આવ્યા બાદ પ્રશાસનની ચિંતા વધી ગઈ છે. મોટાભાગની હોસ્પિટલો આઈસીયુ, વેન્ટિલેટર અને ઓક્સિજન બેડ્સથી ભરાયેલી છે. કોરોના પોઝિટિવ લોકોને હોમ આઈસોલેશનમાં રખાશે.

દેશમાં કોરોના સંક્રમણના કુલ કેસના ૭૭.૬૭ ટકા કેસ મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને દિલ્હી સહિત ૧૦ રાજ્યોમાંથી આવે છે. સ્વાસ્થ્ય મંત્રાલયે મંગળવારે આપેલી જાણકારી મુજબ દેશમાં કોરોનાનો પોઝિટિવિટી દર સતત વધી રહ્યો છે. હાલ તે ૧૫.૯૯ ટકા છે. નવા કેસના ૭૭.૬૭ ટકા કેસ જે ૧૦ રાજ્યોમાંથી આવ્યા છે તેમાં કર્ણાટક, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, તામિલનાડુ, ગુજરાત અને રાજસ્થાન પણ સામેલ છે.

આંકડા મુજબ કોવિડ-૧૯થી રિકવર થવાનો રેટ સતત ઘટી રહ્યો છે. જે ૮૫ ટકા પર પહોંચ્યો છે. કોરોનાથી રાષ્ટ્રીય સ્તરે મૃત્યુ દર ૧.૨ ટકા થયો છે. મહારાષ્ટ્રમાં મૃત્યુદર ૧.૫ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૧.૬ ટકા છે.

### હે રામ... ૧૩ કરોડ લોકોએ રસી લીધા છતાંય દૈનિક મૃત્યુમાં ભારત વિશ્વમાં પ્રથમ

ભારતમાં ૧૩ કરોડથી વધુ લોકોને રસી આપવા છતાંય ધુણી રહેલો કોરોના કેમેય કરીને શાંત પડતો નથી. દૈનિક મોતના મામલે ભારત વિશ્વમાં ટોપ પર પહોંચી ગયું છે. ભારતે બ્રાઝીલ અને અમેરિકાને પાછળ રાખી દીધા છે. ભારતમાં ૨૪ કલાકમાં ૨૦૨૩ લોકોના મોત થયા છે. બ્રાઝીલમાં રોજ ૧૫૦૦ તો અમેરિકામાં ૪૦૦-૬૦૦ના મોત થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૩ લાખની નજીક કોરોનાના નવા કેસ નોંધાયા છે. દેશભરમાં ૧૩ કરોડ કોરોના રસી લગાવ્યા છતાં મહામારીનું સંકટ ઘટવાનું નામ લઈ રહ્યું નથી. દરરોજ કોરોનાના આંકડા નવો રેકોર્ડ બનાવી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર થયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૨,૯૫,૦૪૧ નવા કોરોનાના કેસ નોંધાય છે અને ૨૦૨૩ લોકોના મોત થયા છે. જો કે ૧,૬૭,૪૫૭ લોકો કોરોનાથી સ્વસ્થ પણ થયા છે. શનિવારે કુલ ૨,૫૯,૧૬૭ નવા કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં કોરોના ૬૨,૦૯૭ નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૩૯,૬૦,૩૫૯ થઈ છે. આ ઉપરાંત ૫૧૯ના મોત સાથે મૃત્યુઆંક ૬૧,૩૪૩ સુધી પહોંચી ગયો છે. રાજ્યમાં એકટીવ કેસની કુલ સંખ્યા ૬,૮૩,૮૫૬ થઈ છે. દેશમાં ૧૬ જાન્યુઆરીથી કોરોનાની રસી લગાવ્યાના અભિયાનની શરૂઆત થઈ હતી. ૨૦ એપ્રિલ સુધીમાં દેશભરમાં ૧૩ કરોડ ૧ લાખ ૧૯ હજાર ૩૧૦ કોરોનાના ડોઝ આપવામાં આવી ચૂકયા છે. ગઈકાલે અંદાજે ૩૦ લાખ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું. રસીની બીજો ડોઝ આપવાનું અભિયાન ૧૩ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું. ૧ એપ્રિલથી ૪૫ વર્ષથી ઉપરથી દરેક લોકોને રસી આપવામાં આવી રહી છે. હવે ૧ મે થી ૧૮ વર્ષથી ઉપરના લોકોને રસી આપવામાં આવશે. દેશમાં કોરોનાનો મૃત્યુદર ૧.૧૭ ટકા છે. જ્યારે રિકવરી રેટ અંદાજે ૮૫ ટકા છે. ઍકટીવ કેસ વધીને ૧૩ ટકાથી વધુ થયા છે. કોરોના ઍકિટવ કેસ મામલે વિશ્વમાં ભારતનું બીજું સ્થાન છે. કુલ સંક્રમિતોની સંખ્યાના કેસમાં પણ ભારતનું બીજું સ્થાન છે. દિલ્હીમાં કોરોનાના ૨૮,૩૯૫ નવા કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં ૨૭૭ લોકોના મોત થયા છે. પાટનગરમાં હાલમાં કોરોનાના ૮૫,૫૭૫ ઍકિટવ કેસ છે અને સંક્રમણનો દર વધીને ૩૩ ટકા નજીક પહોંચ્યો છે. યુપીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૯,૭૫૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના લીધે ૧૬૩ દર્દીના મોત થયા છે. દિલ્હીની નજીક યુપીના નોઍડામાં ૬૪૦ નવા કેસ નોંધાયા. જ્યારે ગાજીયાબાદમાં ૬૩૩ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોનાના કેસ રોકેટ ગતિઍ વધી રહ્ના છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના કેસ પ્રથમવાર ૧૨ હજારનું પાર પહોદ્વચ્યા છે. રાજ્યમાં કોરોનાના ૧૨,૨૦૬ નવા કેસ નોંધાયા છે અને ૧૨૧ના મોત થયા છે. દક્ષિણી રાજ્યોમાં પણ કોરોનાનો પગપેસારો કરી રહ્નાં છે. કેરળમાં ઍક દિવસમાં કોરોનાના ૧૯ હજારથી વધુ કેસ નોંધાયા અને ૨૩ના મોત થયા છે. તામિલનાડુમાં ૧૧ હજાર નવા કેસ નોંધાયા છે. જ્યારે આંધ્રપ્રદેશમાં સંક્રમિતોની સંખ્યા ૯ હજારની નજીક પહોંચી છે.

## ગુજરાત-મહારાષ્ટ્ર સરહદે ડાઈફોઈડે મચાવ્યો કાળો કેર, ૯૦૦ લોકોને જમીન પર જ સારવાર

ગાંધીનગર,

ભારતમાં એક તરફ કોરોનાની બીજી લહેર એ હદે હાહાકાર મચાવી રહી છે કે, હોસ્પિટલોમાં પણ જગ્યા બચી નથી. અનેક દર્દીઓ સારવાર માટે ટળવળી રહ્યા છે ત્યારે ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ પર વધુ એક મુશ્કેલી ઉભી થઈ છે. અહીં લોકો જ્યાં કોરોનાની સારવાર માટે તંબુ બાંધીને કામ ચલાવી રહ્યા છે ત્યાં જ ગુજરાત - મહારાષ્ટ્ર બોર્ડર પરના ૧૦થી ૧૨ ગામમાં ટાઈફોઈડે સપાટો બોલાવ્યો છે. છેલ્લા ૧૫ દિવસમાં લગભગ ૯૦૦ લોકો ટાઈફોઈડના શિકાર બની



ચૂક્યા છે.

આ ઉપરાંત હજી પણ અનેક લોકો આ બીમારીમાં ઝપેટમાં આવ્યા છે. કોરોનાની વચ્ચે આ બીમારીની એન્ટ્રીએ લોકોને પરેશાન કર્યા છે. સ્થાનિક લોકો બહુ જ ડરેલા છે.

મહારાષ્ટ્રના નંદુરબારથી ૧૫ કિલોમીટર દૂર શિવપુર ગામ આવેલું છે. ગામમાં એન્ટ્રી લેતા જ રિક્ષા, જીપ અને કારનો જમાવડો જોવા મળી રહ્યો છે. ઠેકઠેકાણે જગ્યાએ દર્દીઓ નજરે પડે છે. ક્યાંક ટેન્ટમાં, તો ક્યાંક વૃક્ષોની નીચે દર્દીઓ સુવાડવામાં આવે છે. વૃક્ષની ડાળખીઓને સલાઈનની બોટલો લટકાવવામાં આવી છે. દર્દીઓની આસપાસ કેટલાક ડોક્ટર અને નર્સ દેખાઈ રહ્યાં છે. જોકે, આ દર્દી કોરોનાના નથી, પરંતુ ટાઈફોઈડના છે.

તો ગુજરાતના સાયલા, મોગરાની, ટાકલી, ભિલભવાની, નાસેરપુર તથા મહારાષ્ટ્રના પિપલોદ, ભવાલી, વીરપુર, લોય ગાંવમાં સતત ટાઈફોઈડના દર્દીઓ વધી રહ્યાં છે. અહીંની હોસ્પિટલોમાં કોરોનાના બેડ પણ ભરાઈ ચૂક્યા છે. આવામાં ધાનોરા જેવા પ્રાઈવેટ હેલ્થ સેન્ટરમાં પણ દર્દીઓ આવી રહ્યાં છે. જેથી હવે ટાઈફોઈડના દર્દીઓને ખુલ્લામાં અથવા ટેન્ટ બાંધીને સારવાર આપવામાં આવી રહી છે. અહી ટાઈફોઈડના લગભગ ૯૦૦ થી વધુ દર્દીઓ આવી ચૂક્યા છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ૮૦૦ રૂપિયા આપવા પડી રહ્યાં છે. અનેક પરિવાર કે જેમના ૪ થી ૫ સભ્યોને ટાઈફોઈડ થયો છે તેમની પાસે કોઈ વ્યવસ્થા નથી. તેઓ ખાટલા પર સૂઈને સારવાર કરાવી રહ્યાં છે. હોસ્પિટલ સવારે ૧૧ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રહે છે. ઈમરજન્સી માટે સ્ટાફને પણ કેટલાક લોકો સાથે રાતભર રહેવુ પડે છે.

સામાજિક કાર્યકરત રોહિદાસ બલવીએ જણાવ્યું હતું કે, શહેરના તબીબોએ પોતાના દરવાજા આ દર્દીઓ માટે બંધ કરી દીધા છે. તેથી તંબુમા હોસ્પિટલ શરૂ કરવી પડી છે. ભલે જમીન પર સૂઈને સારવાર કેમ કરાવવી ન પડે.

## સરકાર અને ડોક્ટરો સામ સામે, ડોક્ટરોએ કહ્યું- કઈ રીતે પ્રેક્ટિસ કરવી એ સત્તાધીશો ન શિખવે

ગાંધીનગર,

રાજયમાં હાલ કોરોનાના ૧૨૦૦૦ કેસ નોંધાવા લાગ્યા છે. ૧૫ દિવસ પહેલા જ મોટા પ્રમાણમાં ગંભીર દર્દીઓ વધવાની શરૂઆત થતા રેમડેસિવિર ઈન્જેક્શન ખૂટી પડ્યા હતા. જેને પગલે દર્દીના સગાઓએ ઈન્જેક્શન ખરીદવા ૧૨-૧૨ કલાક અને બે બે કિલોમીટરની લાઈનમાં ઉભવાનો વારો આવ્યો હતો. માત્ર એટલું જ નહીં, ઈન્જેક્શનને કારણે તો રાજકીય જંગ પણ શરૂ થઈ ગયો હતો. પહેલા મુખ્યમંત્રી રૂપાણી અને ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલ સામ સામે આવી ગયા હતા. ત્યાર બાદ કોંગ્રેસે પાટીલ સામે હાઈકોર્ટમાં રીટ કરી હતી. જો કે આ ઘટનાક્રમ વચ્ચે આજે સરકાર અને ડોક્ટરો પણ હવે સામ સામે આવી ગયા છે. હોસ્પિટલ એન્ડ નર્સિંગ એસોસિએશન (AHNA)ને રેમડેસિવિર ઈન્જેક્શન આપવાનું બંધ કરી દેતા છઉંદ્રછના હોદ્દેદારોમાં રોષ ફાટી નીકળ્યો છે. ત્યાર બાદ મુખ્યમંત્રીએ પણ રેમડેસિવિર ઈન્જેક્શન માટે હોસ્પિટલોને પ્રાયોરિટી આપવામાં આવશે. ત્યાર બાદ વધશે તો હોમઆઈસોલેશનમાં રહેલા દર્દી માટે ઈન્જેક્શન અપાશે. મુખ્યમંત્રીના નિવેદન બાદ AHNAના પ્રમુખ ડો.ભરત ગઢવીએ જણાવ્યું હતું કે, AHNA એવા દર્દી માટે રેમડેસિવિરની માંગ કરે છે જે હોમ ક્વોરન્ટીન છે તે વાત ખોટી છે. જે લોકોને હોસ્પિટલમાં બેડ નથી મળતા અને ઘરે સારવાર લઈ રહ્યા છે તેમને રેમડેસિવિર આપવી જોઈએ. અમારે કઈ રીતે પ્રેક્ટિસ કરવી એ સત્તાધીશો ન શિખવાડે, સત્તાધીશો ધમકી ન આપે. કયા દર્દીને ક્યારે રેમડેસિવિર આપવું તે સરકાર ડોક્ટર પર છોડી દે. સરકાર અમને સમજાવવાનો પ્રયત્ન છોડી રેમડેસિવિર અને ઓક્સિજન ઉપલબ્ધ કરાવવાનુ કાર્ય કરે. ડો. ભરત ગઢવીએ આગળ કહ્યું કે, ગમે તેમ કરી રેમડેસિવિર ઘરે સારવાર લેતા લોકો માટે સરકાર ઉપલબ્ધ કરાવે. છેલ્લા દોઢ વર્ષથી કોરોના સાથે પ્રેક્ટિસ કરી રહ્યા છીએ માટે રેમડેસિવિર ક્યારે આપવું એનો અનુભવ છે. ઓક્સિજન સપ્લાય માટે કોલ સેન્ટર ઉભું કરવામાં આવે અને જવાબદાર અધિકારી ૨૪/૭ હાજર રહે. આ મહામારીને પહોંચી વળવા માટે ઓક્સિજન જરૂરી છે. એક કોલથી સિલિન્ડર પૂરા પાડવામાં આવે એવી વ્યવસ્થા સરકાર કરે. એવું ન બને કે ઓક્સિજનની અછતથી ઓછા દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવા પડે.

## વેક્સીનના ભાવમાં વધારે, ખાનગી હોસ્પિટલોમાં ૬૦૦, રાજ્ય સરકારો માટે ૪૦૦નો એક ડોઝ

ન્યુ દિલ્હી,

કોવિશીલ્ડ વેક્સિન બનાવતી કંપની સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાએ બુધવારે રાજ્ય સરકારો અને પ્રાઈવેટ હોસ્પિટલો માટે પોતાનું નવું પ્રાઈઝ લિસ્ટ જાહેર કરી દીધું છે. નવા પ્રાઈઝ લિસ્ટ પ્રમાણે ખાનગી હોસ્પિટલોને રૂ. ૬૦૦નો પ્રત્યેક ડોઝ અને રાજ્ય સરકારોને રૂ. ૪૦૦માં પ્રત્યેક ડોઝ લેખે વેક્સિન આપવામાં આવશે.

ભારત સરકારે તાજેતરમાં જ વેક્સિનેશનના નવા તબક્કાની જાહેરાત કરી છે. આ તબક્કામાં રાજ્ય સરકારો અને ખાનગી હોસ્પિટલો વેક્સિન નિર્માતાઓ પાસેથી ડાયરેક્ટ વેક્સિન ખરીદી શકશે. અત્યાર સુધી માત્ર કેન્દ્ર સરકાર જ વેક્સિન ખરીદી રહી હતી અને વિભિન્ન રાજ્યોને વહેંચી રહી હતી.

કેન્દ્ર સરકારની જાહેરાત પ્રમાણે હજુ પણ ૫૦ ટકા વેક્સિન કેન્દ્ર સરકારને જ મળશે જ્યારે બાકીની ૫૦ ટકા વેક્સિન રાજ્ય સરકારો ડાયરેક્ટ વેક્સિન ઉત્પાદકો પાસેથી મેળવી શકશે. સાથે જ પ્રાઈવેટ સેક્ટરને પણ આ પ્રકારે છૂટ આપવામાં આવી છે.

સીરમ ઈન્સ્ટિટ્યુટ દ્વારા કરવામાં આવેલા દાવા પ્રમાણે તેમની વેક્સિન વિદેશી વેક્સિનની સરખામણીએ ખૂબ સસ્તી છે. અમેરિકાની વેક્સિનનો ભાવ ૧૫૦૦ રૂપિયા પ્રતિ ડોઝ છે. રશિયાની વેક્સિનનો ભાવ ૭૫૦ રૂપિયા પ્રતિ ડોઝ છે જ્યારે ચીની વેક્સિનનો ભાવ પણ ૭૫૦ રૂપિયા પ્રતિ ડોઝ છે.

આગામી બે મહિના સીરમ ઈન્સ્ટિટ્યુટ મોટા પાયે કેન્દ્ર અને રાજ્ય સરકારોને વેક્સિન પૂરી પાડશે. ૪-૫ મહિના બાદ વેક્સિનનું પ્રોડક્શન વધશે તે સાથે જ તેને રિટેલ માર્કેટ માટે છૂટ આપવામાં આવશે.

અત્યાર સુધી ભારત સરકારને સીરમ ઈન્સ્ટિટ્યુટ પાસેથી ૨૦૦ રૂપિયા પ્રતિ ડોઝના હિસાબથી વેક્સિન મળતી હતી. કેન્દ્ર સરકાર તરફથી સરકારી હોસ્પિટલોમાં તે ફ્રીમાં આપવામાં આવી રહી હતી. જ્યારે પ્રાઈવેટ સેન્ટર્સ માટે ૨૫૦ રૂપિયા પ્રતિ ડોઝના હિસાબથી કિંમત નક્કી કરવામાં આવી હતી.

## સમગ્ર દેશમાં વેક્સીનની એક સરખી કિંમત નક્કી કરો :કોંગ્રસની માંગ

ન્યુ દિલ્હી,

કોંગ્રેસે રસીકરણ સાથે જોડાયેલી કેન્દ્ર સરકારની નવી નીતિને લઈ મંગળવારે તેના પર નિશાન સાધ્યું અને આરોપ લગાવ્યો કે સરકારે ૪૫ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે રસીકરણને લઈ હાથ ખંખેરી લીધો છે.

મુખ્ય વિપક્ષી પાર્ટીએ સરકારને એવો આગ્રહ પણ કર્યો કે સમગ્ર દેશમાં રસીની એક સમાન કિંમત નક્કી થવી જોઈએ. પાર્ટીના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું, 'આ સરકાર એક રાષ્ટ્ર, એક કર અને એક રાષ્ટ્ર, એક ચૂંટણીમાં વિશ્વાસ કરે છે, પણ (રસીની) 'એક રાષ્ટ્ર, એક કિંમત'માં વિશ્વાસ નથી રાખતી.'

તેમણે એવો પણ દાવો કર્યો કે નવી નીતિથી કેન્દ્ર અને રાજ્યોની હોસ્પિટલો તેમજ ખાનગી હોસ્પિટલોમાં કોવિડની રસીની ઘણી કિંમતો હશે. રમેશે કહ્યું, 'આપણે રસીને લઈ 'એક રાષ્ટ્ર, એક કિંમત' કેમ ન કરી શકીએ? મને લાગે છે કે આ વાજબી માંગ છે.

પી ચિદંબરમે દાવો કર્યો, 'અમે નીતિને લઈ સકારાત્મક પરિવર્તનનું સ્વાગત કરીએ છીએ, પણ આ સંશોધિત નીતિ પણ પ્રતિગામી અને અનુચિત છે.' ચિદંબરમના જણાવ્યા પ્રમાણે, સંશોધિત નીતિ અંતર્ગત રાજ્યોએ જવાબદારી ઉઠાવવી પડશે અને ૪૫ વર્ષથી ઓછી ઉંમરના ગરીબોએ પણ ખર્ચનું વહન કરવું પડશે.

તેમણે કહ્યું કે રાજ્યોની પાસે સીમિત સંસાધન છે અને તે પહેલાથી જ જીએસટીનું રાજસ્વ ઘટવા, ઓછું કરી સંગ્રહ થવા અને કેન્દ્ર પાસેથી મદદ ઓછી મળવાના કારણે પરેશાન છે, એવામાં રસીકરણની આ નવી નીતિથી તેમના પર અતિરિક્ત ભાર પડશે.

## GST કાયદા હેઠળ સંપતિ જપ્ત કરવાનો આદેશ વધારે કડક ગણાય : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યુ કે જીએસટી કાયદા હેઠળ કોઈ વ્યકિતના બેંક ખાતા અને સંપતિ જપ્ત કરવાનો આદેશ આપવો તે કઠોર નિર્ણય છે. સુપ્રીમે કહ્યુ છે કે પ્રશાસન આનો ઉપયોગ અનિયંત્રીત રીતે ન કરી શકે. જસ્ટીસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટીસ એમઆર શાહની બેંચે કહ્યુ કે કાર્યવાહી ચાલતી હોય તે દરમ્યાન હંગામી રીતે સંપતિ વગેરેની જપ્તીનો અર્થ એ છે કે ચુકવવાની ફાઈનલ રકમ અંગેનો આખરી નિર્ણય નથી લેવાયો એટલે હંગામી રીતે જપ્તી કાયદામાં અપાયેલ પ્રક્રિયા અને શરતોને અનુરૂપ જ હોવી જોઈએ.

સુપ્રીમકોર્ટ રાધાકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા હિમાચલ પ્રદેશ સરકારના નિર્ણય વિરૂધ્ધ કરેલ અરજી પર રાજયના જીએસટી અધિનિયમની કલમ ૮૩ વ્યાખ્યા કરતા આ વાત કહી હતી. સુપ્રીમે પોતાના આદેશમાં કહ્યુ કે કમિશ્નરે એ વાતનો હંમેશા ખ્યાલ રાખવો જોઈએ કે આ જોગવાઈ લોકોની સંપતિ પર પૂર્ણવ્યાપી હુમલો કરવા માટે નથી. આ ત્યારે જ કરવું જોઈએ. જ્યારે સરકારી રાજસ્વના હિતોની રક્ષા માટે તેમ કરવું અત્યંત જરૂરી હોય.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કાસમવાલા ઈરશાદભાઈ કરીમભાઈ
મુ. ભાણપુર, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શેખ મોહંમદફારૂક કરીમભાઈ
મુ. નેનકી, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ડી. આર. દલવાડી
મુ. મલાવ, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.


ગુરૂકૃપા સ્વસહાય જૂથ
મુ. ચેલાવાડા, તા. ઘોઘંબા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગમાં આજે ૬૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૩૩૪૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.



મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૯ પુરૂષ, કડાણા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૭ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૫ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૯ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૩૩૪૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૦ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૭ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૭૫૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૧ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૮૧૧૮૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૭૭ દર્દી હોમ આઈસોલેશન, ૭૬ દર્દી એસ. ડી.એચ. સંતરામપુર અને ૩૮ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૧૧૪ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૧૮ દર્દીઓ સ્ટેબલ અને ૧૧૨ દર્દીઓ ઓકિસજન પર અને ૦૭ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૧૫
કડાણા-૭
ખાનપુર-૯
લુણાવાડા-૧૧
સંતરામપુર-૧૪
વિરપુર-૬

# વોટર કલર પેઈન્ટીંગના માધ્યમથી વેકસિન કવચને ધારણ કરવાનો સંદેશો પાઠવતા મહીસાગરના યુવા ચિત્રકાર

લુણાવડા,

વૈશ્વિક મહામારી કોરોના સામે આજે સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે. કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવવા માટે આજે જો સૌથી મોટું કોઈ શસ્ત્ર હોય તો તે વેકસિન છે. સમગ્ર વિશ્વ સહિત રાષ્ટ્ર અને રાજયમાં વેકસિન કાર્યક્રમ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

આ વેકસિન કાર્યક્રમ પ્રતિ લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે મહીસાગર જિલ્લાના યુવા ચિત્રકાર બિપિનભાઈ પટેલે કે જેઓએ રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવવાનો સંકલ્પ લીધો હોય તેમ તેઓએ સતત રોજ એક વોટર કલર પેઈન્ટીંગ દ્વારા સમાજને એક સંદેશો આપતા રહ્યા છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

આજે રામનવમીના દિવસે રોજ એક વોટર કલર પેઈન્ટીંગ બનાવનાર કલાસાધકે સતત ૧૮૦૦મું વૈશ્વિક મહામારી કોરોનાને હરાવવા માટે જરૂરી એવું વેકસિન કવચ ધારણ કરવાની અપીલ કરતું પેઈન્ટિંગ બનાવીને પોતાની ચિત્રકારીના માધ્યમથી વેકસિન મૂકાવા અંગેનો સંદેશો પાઠવ્યો છે. કલાસાધક બિપીનભાઈ પટેલે આ ચિત્રમાં રામનવમીના પવિત્ર તહેવારની સાથે આ મહામારીના કારણે દેવસ્થાનો બંધ છે, તો બીજી બાજુ પીપીઈ કીટમાં સજજ કોરોના યોધ્ધાઓ આ મહામારી સામે જંગ લડી રહ્યા છે ત્યારે સૌએ વેકસિન મૂકાવી દઈને માસ્ક પહેરવો અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી કોરોનાને હરાવવામાં પોતાનું યોગદાન આપવું જોઈએ તેનું સુંદર ચિત્રાત્મક નિરૂપણ કર્યું છે.

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના છાંયણ જેવા નાના ગામમાંથી આવતા બિપિનભાઈ પટેલે વોટર કલરથી ગ્રામ્યજીવન,ધબકતું શહેર ખુબ જ સુંદર રીતે કંડાર્યું છે.નારગોલથી ડિપ્લોમા ફાઈન અને બરોડા યુનિવર્સિટીમાંથી ફાઈન આર્ટમાસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરેલો છે. તેઓએ સતત ૧૮૦૦દિવસથીઅવિરત રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવી અનોખી કલાસાધનાજીવનમાં આત્મસાત કરનાર આર્ટીસ્ટ બીપીન પટેલે વિશ્વસ્તરે અને રાષ્ટ્રીયસ્તરે પણ નામના મેળવી છે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આર્ટિસ્ટ બિપિન પટેલએ તેમની કલાયાત્રામાં અનેક કીર્તિમાન સ્થાપ્યા છે. આ પહેલા તેમનો એક અનોખો કીર્તિમાનછે,તેઓનાસતત રોજ એક વોટર કલર પેઈન્ટિંગના ૧૦૦૦ દિવસ અને ૧૫૦૦ દિવસ પૂર્ણ થયા ત્યારે પણ ઈન્ડીયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યુંહતું યુનેસ્કો દ્વારા આયોજિત હેરિટેજ રાણકી વાવ પાટણ ખાતે દરવર્ષે યોજાતી લાઈવ પેઈન્ટિંગ સ્પર્ધામાં સળંગ ચારએવોર્ડ મેળવેલ છે.

કલાના સાધક એવા બિપીનભાઈ છેલ્લા એક વર્ષ ઉપરાંતથી વૈશ્વિક મહામારી કોરોનાના સંકટકાળમાં પણ કલા પ્રેમીઓને ચિત્રકલાના ઓનલાઈન કલાસ દ્વારા શિક્ષણ પૂરૂં પાડી રહ્યા છે.

# કોવિડ ડ્યૂટીમાં હાજર ન થતા સુમનદીપ નર્સિંગ કોલેજે ૧૦૦૦ વિદ્યાથીને સસ્પેન્ડ કર્યા

વડોદરા,

રાજયમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. પોઝિટિવ કેસની સાથે-સાથે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોનાની મહામારી વચ્ચે ઘણી જગ્યા પર મેડિકલ સ્ટાફનો પણ વિરોધ સામે આવ્યો છે અને વિરોધ કરવા બદલ મેડિકલ સ્ટાફને ફરજ પરથી મૂકત કરવામાં આવ્યો હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. હાલ વડોદરામાં પણ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. વડોદરામાં ડોક્ટર અને પેરમેડિકલ સ્ટાફની ખૂબ જ જરૂર છે. પરંતુ આવા સમયે વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠના દ્વારા નર્સિંગ કોલેજના ૧૦૦૦ વિદ્યાર્થી સસ્પેન્ડ થયા છે. આ ઘટનાના મેડિકલ ક્ષેત્રે પત્યાઘાત પડ્યા છે.

રિપોર્ટ અનુસાર કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. વડોદરામાં હાલ ૫૨૮૯ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે અને ગંભીરદર્દીઓની સંખ્યા ૫૦૩ પર પહોંચી છે. કોરોનાના કેસમાં વધારો થતાં દર્દીની સારવાર માટે મેડિકલ સ્ટાફ અને ડોક્ટરની ખૂબ જ વધારે જરૂર છે. તેથી ડોકટરોની જરૂરિયાતને પહોંચી વળવા માટે મેડિકલ, ડેન્ટલ, ફિજીયોથેરાપી અને નર્સિંગ કોલેજના બીજા વર્ષના અને તેની ઉપરના વર્ષના વિદ્યાર્થીઓને કોરોનાના દર્દીઓની સારવાર માટેની ટ્રેનીંગ આપવામાં આવી રહી હતી. પરંતુ વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠમાં અભ્યાસ કરતાં મેડિકલ વિદ્યાર્થીઓને કોવિડ વોર્ડમાં ફરજ બજાવવામાં આવી હતી. પરંતુ આ સ્કૂલના ૧૦૦૦ વિદ્યાર્થી ફરજ પર હાજર રાજય નહોતા. તેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બાબતે મેડિકલ એક્સપર્ટ એવું કહી રહ્યા છે કે, સુમનદીપ વિદ્યાપીઠને વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાની સત્તા નથી. સરકાર અથવા તો સરકાર દ્વારા નીમવામાં આવેલા અધિકારીઓએ દ્વારા જ હુકમ કરવામાં આવે તો જ વિદ્યાર્થીઓએને સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. ત્યારે સુમનદીપ વિદ્યાલય હવે વિવાદમાં સપડાય છે, તો બીજી તરફ એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, મેડિકલના વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવા પાછળ તંત્રની કોઈ મેલીમંથરાવટી હોય શકે છે. જાણકારો આ હુકમના કાળો હુકમ પણ કહી રહયા છે. આ ઘટનાના મેડિકલ ક્ષેત્રે પત્યાઘાત પડ્યા છે. મહત્ત્વની વાત છે કે, અગાઉ અમદાવાદમાં પણ મેડિકલ સ્ટાફ દ્વારા પણ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. તે સમયે મેડિકલ સ્ટાફને પણ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ પણ મેડિકલ સ્ટાફ દ્વારા ધરણા કરવામાં આવ્યા હતા.

# મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના વેક્સીનનો પહેલો ડોઝ લીધો

ગાંધીનગર,

રાજયનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે ૨૧ એપ્રિલ,૨૦૨૧ના બુધવારે કોરોનાની રસીનો પહેલો ડોઝ લઈ લીધો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરના સેક્ટર આઠમાં આવેલા સિવિલ હૉસ્પિટલમાં કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લીધો છે. સીએમનાં ધર્મપત્ની અંજલીબેન રૂપાણીએ પણ કોરોના રસી લઈ લીધી છે. રાજ્યનાં ડેપ્યુટી સીએમ નીતિન પટેલ અને પ્રદેશ અધ્યક્ષે પણ કોરોનાની રસી લઈ લીધી છે.




રસી લીધા બાદ વિજય રૂપાણીએ નિવેદન આપતા જણાવ્યું, આજે મેં વેકસીન લીધી છે. લોકોને અપીલ કરું છું કે, કોરોના રસીનાં બંન્ને ડોઝ લઈ લે. કોરોના થઈ ગયો હોય તેવા લોકો એવું ન સમજે કે, તેમને વકેસીનની જરુર નથી. મને પણ કોરોના થયો હતો અને ડોકટરની સલાહ મુજબ વેકસીન લઈ લીધી છે. જે કોઈએ કોરોનાની રસી લીધી છે તેમણે સેકન્ડ વેવમાં માત્ર માઈન્ડ અસરો થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, હવે ૧૮ વર્ષથી ઉપરના લોકોને વેકસીન માટે તૈયારીઓ શરુ કરી દીધી છે. આ બીજી લહેરે બતાવ્યું છે કે, કોરોનાની વ્યાપકતા શું હોઈ શકે છે. જેથી ભારત સરકાર ગાઈડ લાઈન બનાવી રહી છે.

# લુણાવાડા થી કડાણાના નવીન માર્ગ પરના કોઠા ગામમાં ગરનાળા પૂરતા ગ્રામજનોમાં ભારે રોષ



લુણાવાડા,

કંકા તળાવ થી કડાણા સુધીનો નવીન રોડ શિવમ કન્સ્ટ્રકશન દ્વારા બનવવામાં આવ્યો હતો. જે રોડ છેલ્લા કેટલાય વર્ષોથી બિસ્માર હાલતમાં હતો. જેનું નવીનીકારણ થતા આજુ-બાજુના ગ્રામજનો માટે તે સુખાકારી સાબીત થયો છે. ત્યારે કોઠા ગામ પાસેથી પસાર તથા રોડની ડાબી બાજુએ આવેલુ ગરનાળું રોડ બનાવતા કોન્ટ્રાકટર દ્વારા પુરતું ધ્યાન ન આપવાને કારણે પૂરાઈ જતા ચોમાસા સમય દરમ્યાન ખુબ મોટી સમસ્યા ઉદ્ભવે તેમ છે. ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે અમોએ રોડ બનાવતા અધિકારીઓ ને જેતે સમયે ગરનાળું રોડના પુરણમાં દબાઈ ન જાય તેનું ધ્યાન રાખજો તેમજ યોગ્ય સમારકામ કરી તેને ઊંડું કરી દેવામાં આવે જેથી રોડના પાણી અમારા ઘરમાં ન ઘીસી જાય તે ધ્યાને રાખજો તે છતાં પણ સરકાર દ્વારા અધિકૃત કરેલ સુપરવાઈઝરએ પણ રોડ બનવતા અધિકારીઓને જાણ ન કરતા શિવમ કન્સ્ટ્રકશન દ્વારા રોડ બનાવી દેવાતા ગરનાળું પુરાઈ જતા ગ્રામજનો ચિંતામાં મુક્યા છે. ત્યારે હવે ચોમાસા પહેલા આ કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્રમાંગણી છે. ત્યારે સવાલ એ છે કે લુણાવાડાથી કડાણા પર કેટલાય ગરનાળા છે. તેને પણ ચકાસી તેની પણ યોગ્ય સમારકામ કરવામાં આવે જેથી ચોમાસા દરમ્યાન ગ્રામજનોને હાલાકી ન થાય.

# PGVCLમાં કોરોનાનો કેર, ૭૭૩ કર્મીઓ સંક્રમિત અને ૨૦ના મોત

ગાંધીનગર,

પીજીવીસીએલમાં નોકરી કરતા ૭૭૩ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે, જેમાં ૨૦ના મોત નિપજયા છે, ત્યારે અંગે સરકારના નિતી નીયમોનું પાલન થાય તેવી જીઈબી એન્જિનિયર એસોસીએશન અને જીઈબી સુપરવાઈઝર સ્ટાફ એસોસીએશન દ્વારા કેન્દ્રમંત્રીને રજુઆત કરી છે.

જેમાં જણાવાયું છે કે, સરકારના કચેરીમાં ૫૦ ટકા કર્મચારીની હાજરીના પરિપત્રનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. તેમજ અલ્ટરનેટ ડે ફરજ બજાવવામાં આવે તો કર્મચારીઓ પણ નિષ્ઠાપૂર્વક કામગીરી કરશે. વધુમાં એમ પણ જણાવાયું છે કે, વીજ કર્મચારીઓ ફિલ્ડમાં કામ કરતા હોય છે ત્યારે કોરોના સંક્રમણ વધ્યું છે, આથી ઘટતી કાર્યવાહી કરવામાં આવે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૨-૦૪-૨૦૨૧, ગુરુવાર, ચૈત્ર સુદ-૧૦, સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૦૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક(ડ.હ.) , નક્ષત્ર: આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૨.૦૪.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- નવી યોજનાઓમાં અનુકુળતાઓ વધવાની છે સંસ્થામાં સારો હોદ્દો મળે. આત્મવિશ્વાસ વધારવો.
વૃષભ(બ.વ.ઉ.) :- મિત્રો સાથે મતભેદો ટાળજો. સાહસિકો એ થોડી ધીરજ રાખવી વિદેશ જવાની તક માટે સારો સમય.
મિથુન(ક.છ.ઘ.) :- શેર સટ્ટામાં લાભ નિર્ણયો બાબત સતર્કતા જરૂરી નોકરીમાં અનુકુળતા સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય.
કર્ક(ડ.હ.) :- માતુશ્રીનો સહકાર રહે. વિદેશ જવાની ઈચ્છા ફળવાની જમીન-મકાનના કાર્યોમાં અનુકુળતા કર્જ કરવાથી જાળવવું.
સિંહ(મ.ટ.) :- પરિવારના ઉત્સાહ વધવાનો, નોકરીમાં નવી ઓફર બાબત ઉતાવળ ન કરવી અપરણીતોને સફળતા રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- નાણાકીય પ્રશ્નો ઉભા થાય. પરિવારના સભ્યોનો સાથે સહકાર મેળવવો. નકારાત્મક વિચારોથી દૂર રહેજો.
તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન ભાગીદારી યોજના બાબત સફળતા સગાઈ લગ્નના કાર્યોમાં મનગમતું પાત્ર મલે મિત્રોથી લાભ.
વૃશ્ચિક(ન.ય.) :- દિવસ ઉત્સાહ વાળો રહે. છતાં નિર્ણયો બાબત સજાગ રહેજો મોસાળથી લાભ નોકરીમાં બદલીના લાભ.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- શેર સટ્ટામાં ધ્યાન પડે. વિજાતીય મિત્રતા ગાઢ બને. નકામા વિચારો ટાળજો અંધશ્રધ્ધાથી દૂર રહેજો.
મકર(ખ.જ.) :- દિવસ દરમ્યાન કાલ્પનીક ભય રહે. રહેણાંક ના મકાનના પ્રશ્નોમાં ધ્યાન દેવું ઉતાવળા નિર્ણયો ન લેવા.
કુંભ(ગ.શ.સ.) :- અચાનક યાત્રા પ્રવાસનો યોગ ઉભો થાય ભાઈ-બહેનો સાથે સુમેળ વધે. રાજકીય રીતે ન ધારેલો લાભ રહે.
મીન(દ.ચ.ઝ.) :- પરિવારના પ્રશ્નો માં ધ્યાન દેવુ પડે. આર્થિક બાબતોને લઈને ટેન્સન રહે. સંતાનો સાથે સુમેળ રાખવો.

# રૂપાણીના રાજકોટ સિવિલમાં ગોરખધંધો, ૯ હજાર આપો તુરંત બેડ મેળવો

રાજકોટ,

રાજયમાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે ત્યારે આફતમાં કેટલાકો માટે મોટો અવસર પણ બની ગઈ છે. ઈન્જેક્સનોની કાળા બજારી, ખોટા રિપોર્ટ રજુ કરી છેતરતા કેટલાક ટ્રાન્સપોર્ટસ, બસો બંધ છે તો તેનો ફાયદો ઉઠાવતા કેટલાક રિક્ષાવાળાઓ, અન્ય ઘણા ક્ષેત્રોમાં લૂંટ શરૂ થઈ છે અને આવું જ કાંઈક કેટલીક હોસ્પિટલ્સમાં પણ બની રહ્યું છે.




રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હોમ ટાઉનમાંથી માનવતાને શરમાવે તેવો વીડિયો વાઈરલ થયો છે. રાજકોટમાં કોરોના કાળમાં માનવતા નેવે મુકાઈ છે. કપરી પરિસ્થિતિમાં પણ રૂપિયાનો વેપાર શરૂ થયો છે. ખાટલા માટે સરકારી હોસ્પિટલમાં રૂપિયાનો વેપાર સામે આવ્યો છે.

રાજકોટ સિવિલમાં બેડ માટે નવ હજાર રૂપિયા લેવામાં આવે છે. એક બેડ ખાલી કરાવવા માટે નવ હજાર રૂપિયા લેવામાં આવે છે. સમગ્ર મામલાનો વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયોમાં નવ હજાર રૂપિયામાં બેડ આપવામાં આવી રહ્યા છે. બેડ અને સારવાર માટે દર્દીઓની બહાર કતાર લાગી છે જ્યારે બીજી તરફ રૂપિયાના ભોગી વેપાર કરી રહ્યા છે. રાજકોટમાં કોરોના હોસ્પિટલમાં બેડના કાળા બજારના વીડિયોને લઈને ક્રાઈમ બ્રાન્ચને તપાસ સોંપાઈ છે.

સરકારના ઉચ્ચ સત્તાધીશોએ ગાંધીનગર બેઠા અને રાજકોટમાં આવીને બેડની તંગી નહીં રહે, છ દિવસમાં છ હજાર બેડ વધારીશું, ઈન્જેક્શનની તંગી નથી એવી કરેલી વાતો હજુ વ્યવહારમાં જોવા નથી મળતી, વ્યવહારમાં જમીન પર આજે સિવિલ હોસ્પિટલે ૧૦૦ જેટલી એમ્બ્યુલન્સ ધોમધખતા તાપમાં (હવે માંડવા નંખાયા છે.) સારવાર માટે તરસતા દર્દીઓને બેડ મળે તેની રાહ જોતા કતારમાં ઉભેલી નજરે પડી હતી. એક દર્દીના પરિવારજનો હોસ્પિટલમાં લાંબી કતારો હોય ઘરેથી જ ખાટલો લાવી દર્દીને તેના પર સુવડાવીને ઓક્સીજન ચડાવાયું હતું.

ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં રોજ કમકમાટી ઉપજે તેવા દ્રશ્યો જોવા મળે છે. ખાનગી અને સરકારી એમ્બ્લુયન્સમાં લાચાર દર્દીઓ સિવિલમાં બેડ મળે તે માટે કલાકો સુધી કતારમાં ઉભા રહે છે અને મોટાભાગના શ્વાસની તકલીફ હોવાની ફરિયાદો કરતા હતા. આજે આશરે પચાસેક જેટલી એમ્બ્લુયન્સ કતારમાં રહી હતી. આ સ્થિતિ રોજની છે.

તો બીજી તરફ સરકારના હેલ્પ સેન્ટરમાં બેડ નથી મળતી તેવી ૪૪૫ ફરિયાદો નોંધાઈ હતી. કોરોના સારવાર માટે શહેરની માત્ર ૧૦૪ હેલ્પલાઈન પર રોજ ૧૨૦૦ દર્દીઓના પરિવારજનો ફોન કરીને મદદ માંગે છે,આ જ રીતે ૧૦૮માં કોલ્સ પણ વધ્યા છે. અગાઉ તો આવી એમ્બ્યુલન્સ એક દર્દીને મુકીને પછી બીજાને લેવા માટે નીકળી જતી પણ હવે તો હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ કલાકો સુધી અટકી પડે છે.

હીવટીતંત્રના બેડ મેળવવા માટેના કોલ સેન્ટરના નંબર પર ફોન કરતા સ્પષ્ટ જણાવાયું કે 'ખાનગીમાં તો કોઈ બેડ આજે ખાલી નથી, સિવિલમાં લાઈન છે પરંતુ, પ્રયાસ કરી જુઓ. '

બેડની તંગીથી કોરોનાએ વિકરાળ રૂપ એટલા માટે લીધું છે કે લોકોને સારવારમાં ઢીલ થાય છે અને સ્થિતિ ગંભીર બની જાય છે. એક ખાનગી અગ્રણી તબીબે જણાવ્યું કે ખાનગી હોસ્પિટલમાં કોરોના દર્દીને દાખલ કર્યા પછી અન્ય કેસમાં અમે દર્દીને બે-ત્રણ દિવસમાં ડિસ્ચાર્જ કરી દેતા પણ કોરોના દર્દીની સ્થિતિ એવી કથળતી હોય છે કે એક-બે સપ્તાહ સુધી ઈન્ડોર પેશન્ટ તરીકે રાખવા પડે છે તેથી બેડ જલ્દી ખાલી થતી નથી.

# દાહોદ જીલ્લામાં આજ રોજ ૮૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ૮૫ કોરોના પોઝિટિવ દર્દીઓ સામે આવ્યાં છે. આ સાથે કોરોનાનો કુલ આંકડો ૪૧૩૬ ને પાર કરી ચુંક્યો છે ત્યારે આજે વધુ ૧૦ દર્દીઓએ કોરોનાથી દમ તોડી મોતને ભેટતાં જિલ્લામાં હાહાકાર મચી જવા પામ્યો છે. કોરોનાથી કુલ મૃત્યું આંક ૧૭૬ને પાર કરી ચુંક્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૩૭૨ પૈકી ૪૪ અને રેપીટ ટેસ્ટના ૧૯૮૧ પૈકી ૪૧ મળી આજે કુલ ૮૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૮૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૪, દાહોદ ગ્રામ્યમાંથી ૨૦, ઝાલોદ અર્બનમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૦, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૬, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૩, લીમખેડામાંથી ૦૮, સીંગવડમાંથી ૦૪, ગરબાડામાંથી ૦૭, ધાનપુરમાંથી ૦૩, ફતેપુરમાંથી ૦૪ અને સંજેલીમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. વધતાં કેસોની સામે રાહતના સમાચાર એ પણ છે કે, રોજેરોજ કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે એકસાથે ૪૭ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે એક્ટીવ કેસોની સંખ્યા વધતાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે અત્યાર સુધી જિલ્લામાં કુલ ૫૪૫ લોકો કોરોનાની સારવાર લઈ રહ્યાં છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

| : અર્બન વિસ્તારો : |
|---|
| દાહોદ-૧૪ |
| ઝાલોદ-૦૪ |
| દે.બારીઆ-૦૬ |
| **: ગ્રામ્ય વિસ્તારોમાં :** |
| દાહોદ-૨૦ |
| ઝાલોદ-૧૦ |
| દે.બારીયા-૦૩ |
| લીમખેડા-૦૮ |
| સીંગવડ-૦૪ |
| ગરબાડા-૦૭ |
| ધાનપુર-૦૩ |
| ફતેપુરા-૦૪ |
| સંજેલી-૦૨ |

# દાહોદ જીલ્લામાં સગીરા અને પુખ્ત વયની દિકરીઓના અપહરણના ગુનામાં અસામાજીક તત્વોને ડામવા જરૂરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં સગીરાઓ સહીત પુખ્ત વયની કન્યાઓના ચિંતાજનક રીતે વધતા જતા અપહરણ બનાવો:અપહરણનો ભોગ બનાવાતી સગીરાઓને અણસમજનો ગેરલાભ અને પુખ્ત વયની કન્યાને બ્રેઈનવોશ કરી અપહરણનો ભોગ બનાવતા અસામાજિક તત્વો સામે કાયદાકીય અને સામાજિક રીતે કડક કાર્યવાહી કરવા માંગ. હાલના સમયમાં દાહોદ જિલ્લાના તાલુકાઓમાંથી સગીર વયની કિશોરીઓ તથા પુખ્ત વયની કન્યાઓના વધતા જતા અપહરણના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. અપહરણના બનાવો ઉપર અંકુશ લાવવા કાયદાકીય રીતે અપહરણકાર સહિત તેમાં મદદગારી કરનાર તત્વો સામે કાયદાકીય રીતે કડકમાં કડક કાર્યવાહી કરી સગીરાઓ અને પુખ્ત ઉંમરની કન્યાઓનો ઉઠાવાતો ગેરલાભ અટકાવવા સમગ્ર સમાજ દ્વારા અપહરણકાર તથા તેના મદદગારો સામે સમાજમાં દાખલો બેસી શકે તેવી શિક્ષા મળે તેના માટે કાયદાનો સહારો લઇ જાગૃતિ બતાવવાની જરૂરત છે.

દિન-પ્રતિદિન દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માંથી સગીરાઓ,પુખ્ત ઉંમરની કન્યાઓ સહીત મહિલાઓના અપહરણ અને કેટલાક કિસ્સાઓમાં બળાત્કારના બનાવો બનતા હોવાનું પ્રકાશમાં આવે છે.જેમાં કેટલાક કિસ્સાઓ પોલીસ સ્ટેશન સુધી પહોંચતાંજ નથી.અને જે કિસ્સાઓ બહાર આવે છે તેમાં અપહરણ કે બળાત્કારનો ભોગ બનેલ પીડિતાના પરિવારને શામ,દામ,દંડ અને ભેદની નીતિ અપનાવી વચેટીયાઓ દ્વારા સમાધાન કરાવી લેવાતું હોય ગુનેગારોને મોકળું મેદાન મળી રહેતા આવા કિસ્સાઓમાં ચિંતાજનક રીતે વધારો થતો જઈ રહ્યો છે.

અહીંયા નોંધનિય બાબત છે કે, જે સગીરાઓના અપહરણ થાય છે,તેમાં અપહરણકારો દ્વારા લલચાવી પટાવી-ફોસલાવી તેમની અણસમજ નો ગેરલાભ ઉઠાવી,જયારે જે પુખ્ત વયની કન્યાઓના અપહરણ થાય છે કેટલા કિસ્સાઓને બાદ કરતા મોટાભાગના કિસ્સાઓમાં કન્યાને અપહરણકાર તથા તેના મદદગારો દ્વારા બ્રેઈનવોશ કરી તેમજ લોભ-લાલચ આપી તેમનું અપહરણ કરવામાં આવતું હોય છે અને આવી કન્યાઓને કન્યાના પરિવાર વિરૂદ્ધ માનસિક રીતે ગેરમાર્ગે દોરી અપહરણ કરી જતા હોય છે. સમાજવિરોધી પગલું ભરી લગ્ન કરી લેતા કેટલાક કિસ્સાઓને બાદ કરતા મોટા ભાગે આવા ભાગેડુ યુગલનો અધવચ્ચે જતા ઘર સંસાર તૂટવાના અનેક કિસ્સાઓપણ જોવા અને જાણવા મળે છે.

મોટાભાગના અપહરણના બનતા બનાવોમાં પરિવારથી વિમુખ જઇ જે છોકરો,છોકરીને બ્રેઈનવોશ કરી છોકરીના માનસપટ ઉપર છોકરીના પરિવાર સામે ગેરસમજ ઊભી કરી તેનો ગેરલાભ ઉઠાવી અપહરણ કરી જતા હોય છે. જે પૈકી કેટલાક છોકરાઓ મોટાભાગે પરિવાર અને સમાજ દ્વારા તિરસ્કૃત થયેલા હોય છે. તેમજ સમાજમાં તેમની કોઈ ગણતરી ના હોય તેમજ તેવા લોકોના ઘરમાં કોઈ કન્યા આપવા તૈયાર ન હોય તેવા લોકો મોટાભાગે છોકરીઓને લલચાવી-ફોસલાવી, હથેળીમાં ચાંદ બતાવી અપહરણ કરી જતા હોય છે. અને આવા કિસ્સાઓમાં મુખ્યત્વે અપહરણમાં અપહરણકારને પીઠબળ પૂરૂં પાડી મદદગારી કરનાર મદદગારોનો મુખ્ય ફાળો હોય છે.અને તેવા મદદગારો કાયદાની ચુંગાલ માંથી ક્યારેય છૂટવાના પણ જોઈએ નહીં. અને સમાજે પણ આવા અસામાજિક તત્વોનો બહિષ્કાર કરવો જોઈએ.

# ઝાલોદ તાલુકાના ૨૭ ગામોમાં ૭ દિવસ લોકડાઉનનો નિર્ણય



દાહોદ,

દાહોદ જિલ્લામાં વધતા કોરોના કેસોને પગલે હાલ જિલ્લાવાસીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યુ છે અને તેમાંય ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યો છે જેને અનુસંધાને આજરોજ ઝાલોદ તાલુકાના ૨૭ જેટલા ગામોના સરપંચો અને આગેવાનોની જિલ્લા પ્રશાસનના અધિકારીઓ સાથે મળેલ બેઠકમાં ઝાલોદના ૨૭ ગામોમાં ૦૭ દિવસના લોકડાઉનનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો છે. દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હવે કોરોનાએ પગ પેસારો કરી દિધો છે તેમ કહીયે તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય કારણ કે, દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હવે કોરોનાના વધતા કેસોમાં ભારે વધારો થતો જોવા મળી રહ્યો છે અને તેમાંય ખાસ કરીને છેલ્લા ૩ - ૪ દિવસથી ઝાલોદ તાલુકામાં કોરોના સંક્રમણનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે અને જેને પગલે ઝાલોદ તાલુકામાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતના લ સરપંચો અને આગેવાનોમાં ચિંતા પણ જોવા મળી રહી છે ત્યારે આજે કોરોનાની પરિસ્થિતિનીગંભીરતાને ધ્યાનમાં રાખી ઝાલોદ તાલુકાના ૨૭ ગામોના સરપંચો અને આગેવાનોની એસ. ડી.એમ., મામલતદાર,લ અને ડી.વાય. એસ.પી.ની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. આ બેઠકમાં સર્વાનુમતે કુલ ૦૭ દિવસના લોકડાઉનનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો હતો. આ લોકડાઉનમાં ઈમરજન્સી સેવાઓ સિવાય તમામ વાણિજ્ય પ્રવુતિઓ બંધ રહેનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# વગર કોરોનાએ એક વર્ષથી ક્વોરોન્ટાઈન થયેલા દાહોદના ધારાસભ્યને પ્રજા યાદ આવી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામા કોરોના કાબુમાં રહ્યો નથી.પ્રજા હવે ભગવાાન ભરોસે છે ત્યારે રાજકારણીઓ હવે કાગળ પરના ઘોડા દોડાવવામાં વ્યસ્ત થયા છે.ત્યારે વગર કોરોનાએ એક વર્ષથી ક્વોરોન્ટાઈન દાહોદના ધારાસભ્યને હવે મતવિસ્તારના લોકોની યાદ આવી છે.તેમણે કલેક્ટરને એક પત્ર લખી કોરોના મામલે વિવિધ સુવિધાઓ વિક્સાવવાની માંગ કરી છે. દાહોદ જિલ્લાની આમ જનતા હમણાં સંપૂર્ણ આત્મ નિર્ભર બની ગઈ છે.કારણ કે કોરોનાની બીજી લહેરમાં જે પણ પરિસ્થિતિ આવે તેનો સામનો પોતે જ કરવો પડે છે.શાસક પક્ષો સહાયતા કેન્દ્રો, સહાયતા નંબરોની જાહેરાતો કરી રહ્યા છે પરંતુ તેમાંથી ઘણી બાબતોમાં તો કુવામાં હોય તો હવાડામાં આવે તેવુ છે.જેમ કે રેમડેસિવિર ઈન્જેકશન મળતાં જ નથી ત્યારે તેના માટે તંત્ર તો ઠીક પણ નેતાઓ પણ હવે નંબરો બહાર પાડી રહ્યા છે.કેટલાક રાજકીય કાર્યકરો નેતાઓ મદદરૂપ થઈ રહ્યા છે પરંતુ તેવા જૂજ છે.

તેવા સમયે દાહોદ વિધાનસભા બેઠક પરથી સતત ત્રીજી વખત ચુંટાયેલા કોંગી ધારાસભ્ય વજેસિંહ પણદા એક વર્ષના કોરોનાકાળ દરમિયાન કશેય જોવા મળ્યા નથી કે રૈયતની પડખે ઉભા હોય તેવુ જાહેર થયુ નથી. હવે જ્યારે આભ ફાટ્યુ છે ત્યારે થીંગડુ ક્યાં દેવુ તેવો સમય આવી ગયો છે ત્યારે હવે આ નેતાને પોતાાના મતવિસ્તારના લોકોનું હિત યાદ આવ્યુ છે.

આખાયે કોરોના કાળમાં ક્યાંય ન ડોકાયેલા ધારાસભ્યએ કલેક્ટર સાથે એક મુલાકાત કરી છે.તેમણે કલેક્ટરને એક પત્ર આપ્યો છે અને તેમાં વિવિધ રજૂઆતો કરી છે.જેમાં ટેસ્ટીંગ વધારવા. ગામાડાઓમાં વધુ કીટ આપવા, રિપોર્ટ જલ્દી આપવા, ઝાયડસમાં સીટીસ્કેન શરૂ કરવા, ઓક્સીજન બેડ વધારવા, રેમડેસિવિર આપવા જેવી વિવિધ માંગણી કરવામાં આવી છે.

# દાહોદમુખ્યમંત્રીએ સૂચના આપ્યાના બીજા જ દિવસે દાહોદની સિવિલ હોસ્પિટલમાં સિટીસ્કાનનો પ્રારંભ

દાહોદ,

કોરોના સંક્રમણ સામે નાગરિકોને મળી રહેલી આરોગ્યની સુવિધાની સમીક્ષા કરવા માટે મંગળવારે દાહોદ આવેલા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આપેલી સૂચનાની જિલ્લા વહીવટી તંત્રએ ગણતરીની કલાકોમાં જ અમલવારી કરી ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ ખાતે સિટીસ્કાનની સુવિધા શરૂ કરાવી દીધી છે.

કલેક્ટર વિજય ખરાડીએ ઉક્ત બાબતની માહિતી આપતા જણાવ્યું કે, ઝાયડ્સ હોસ્પિટલમાં સિટીસ્કાનની સુવિધા શરૂ દેવાઇ છે. રાજ્યની અન્ય સરકારી સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજમાં રાજ્ય સરકાર દ્વારા સિટીસ્કાનના જે દરો નિયત કરવામાં આવ્યા છે, તે જ ચાર્જ પ્રમાણે અહીં નાગરિકો સિટીસ્કાન કરાવી શકશે.

ઝાયડ્સના ડો. સંજીવ કુમારે જણાવ્યું કે, આ સુવિધાનો પ્રારંભ થતાંની સાથે જ આજ બુધવારના સવારના પાંચ વ્યક્તિના સિટીસ્કાન કરવામાં આવ્યા હતા. કોરોનાના કેસમાં ફેંફસામાં ઈન્ફેક્શનની તપાસ માટે કરાતા એચઆરટીસી માત્ર રૂ. ૧૮૦૦ની દરે અહીં કરવામાં આવશે. આ સુવિધા શરૂ થતાં નાગરિકોને રાહત થશે.

# દાહોદ જીલ્લામાં જાહેરનામાં ભંગમાં ૩૨ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લા કલેક્ટર દ્વારા લગ્નમાં તેમજ પ્રસંગોમાં ડી.જે.વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવી જાહેરનામું બહાર પાડતા છેલ્લા અઠવાડિયામાં દાહોદ એલ.સી.બી. પોલીસે જાહેરનામાંના ભંદ બદલ કુલ ૩૨ કેસો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તાજેતરમાં કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારે કોવિડની ગાઈડ લાઈન બહાર પાડેલ અને દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ અટકાવવા માટે જિલ્લા કલેક્ટર વિજય ખરાડી દ્વારા એક અઠવાડિયા અગાઉ જિલ્લામાં લગ્નમાં તેમજ પ્રસંગોમાં ડી.જે.વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવી જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામાની કડકાઈથી અમલવારી કરાવવા સારૂ દાહોદ જિલ્લા પોલીસ એક્શન મોડમાં આવી હતી અને આ જાહેરનામાના ભંગ બદલ દાહોદ રૂરલમાંથી ૦૧, કતવારામાંથી ૦૧, ગરબાડામાંથી ૦૫, જેસાવાડામાંથી ૦૫, ધાનપુરમાંથી ૦૪, દેવગઢ બારીઆમાંથી ૦૨, સાગટાળામાંથી ૦૧, રણધીકપુરમાંથી ૦, સંજેલીમાંથી ૦૨, સુખસરમાંથી ૦૩, ફતેપુરમાંથી ૦૫, લીમડીમાંથી ૦૨ મળી કુલ ૩૨ કેસો દાહોદ પોલીસે નોંધી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તિલાવતે કુરઆન

"કુરઆને મજીદ" એ અલ્લાહ રબ્બુલ ઈજ્જતની "મહાન" અને "આખરી કિતાબ" છે. કુરઆને મજીદ ખુદા પાકની વાણી છે. વસલ્લ પ અલ્લાહ તઆલાએ જીબ્રઈલ દ્વારા મોકલી છે.

અલ્લાહના રસુલ સલ્લાલ્લાહો અલય હે વસલ્લમે ફરમાવ્યું કે "કુરઆન પઢતા રહો, કયામતના દિવસે કુરઆને મજીદપોતાની તિલાવત કરનાર માટે સિફારીશ કરશે" કુરઆને પાકની તિલાવતથી અલ્લાહતઆલા રાજી થાય છે. અને આખરેતમાં અગણિત સવાબ અને અજર આપે છે. દુનિયા અને આખેરતની ભલાઈઓ એમાં સમાવેલી છે. હઝરત ઈમામ ગઝાલી (રહમતુલ્લાહ અલય હૈ) એ પોતાની જગમશહૂર કિતાબ "અહયાઉલઉલુમ"માં લખ્યું છે કે જે માણસે નમાઝમાં ઉભા રહીને કુરઆન શરીફ પઢ્યું તેને દરેક હરફ પર ૧૦૦-૧૦૦નેકીઓ મળશે. જેણે નમાઝમાં બેસીને કુરઆન શરીફ પઢ્યું તેને દરેક હરફ ઉપર ૫૦-૫૦ નેકીઓ મળશે. જેણે નમાઝ સિવાય વઝુની સાથે કુરઆન શરીફ પઢ્યું તેને દરેક હરફ પર ૨૫-૨૫ નેકી મળશે અને જેણે વઝુ વિના પઢ્યું તેને ૧૦-૧૦ નેકી મળશે. અને જે ફકત સાંભળતો હોય તો તેને એક નેકી મળશે.

હુઝુર મદની તાજેદાર ફરમાવ્યુ કે (૧) જે સીનામાં કુરઆન નથી તે એક વેરાન જગ્યા છે. (૨) કુરઆન દરેક યુગના ફિનાથી રક્ષણ આપનાર છે. (૩) કુરઆન ની તાલીમ આપવી. દુનિયાના બેહતરીન-માલો-દૌલતથી પણ બહેતર છે. (૪) કુરઆન પઢવાનો અવાજ સાંભળીને ફરીશ્તાઓ ભેગા થઈ જાય છે. (૫) કુરઆન મજીદ કયામતના દિવસે શફીઅ બનીને આવશે. (૬) કુરઆન સમજયાં વગર પઢવું તે પણ બરક્તથી ભરેલુ છે. (૭) કુઆનાથી તમારા ઘરોને આબાદ કરો (તીરમીજી- મુસ્લીમ શરીફ) કુરઆનની હંમેશા નીલાવત કરતાં રહો અલ્લાખનો ઈર્શાદ છે કે જે માણસ તીલાવતમાં એટલો મગ્ન હોય કે મારી પાસે દુઆ માગવાની તક ન મેળવી શકે તો હું તેને માગ્યા વિનાજ માગનારાઓ કરતાં વધુ આપીશ. (૮) જે વ્યકિતએ કુરઆન પઢ્યું અને રોજ તેની તિલાવત કરતી રહે છે. તેનું ઉદાહરણ કસ્તુરીથી ભરેલી થેલી જેવું છે. તેની સુવાસથી ચારેય દિશા મહેકી ઉઠે છે, અને જે વ્યકિત કુરઆન શિખ્યા પછી તેની તિલાવત ન કરે તેનું ઉદાહરણ મુશ્કથી ભરેલી શીશીની જેમ છે. કે જેને બુચ મારી બંધ કરી દેવામાં આવે છે.

આવી મહાન-પવિત્ર-બરકતવંતી- નેકીયો આપનાર કુરઆને માજીકની તિલાવત કરતાં પહેલા પવિત્રતા (પાકિઝગી)નો પ્રબંધ કરો. વુઝુ કરીને કીબ્લા તરફ મોઢું કરીને પાક જગામાં બેસી કુરાન શરીફને રેહાલ (રીયાલ) કે પાક તકીયા ઉપર મુકો. ડોક નીચી રાખી ખુબજ એકાગ્રતા પૂર્વક, હયની તત્પરતા અને સભાનતાથી તરતીલ અને તજવીદથી પઢો. કુરઆને પાક ખુશ ઈલ્હાન (અવાજ) થી પઢો..પરંતુ ગાયન ગાતા હોય તે રીતે રાગડા કાઢીને ન પઢો. પટતી વખતે અન્ય વ્યકિત સાથે વાત નકરો, અને જો વાત કરવી પડેતો પ્રથમ કુરઆન શરીફ બંધકરી વાત કરો. પછીથી કુરઆન શરીક પઢતા પહેલાં બિસ્મીલ્લા હીરહમા નીર્રહીમ પઢીને પઢવાની શરૂઆત કરો. આમ તો જયારે પણ તક મળે કુરઆને પાકની તિલાવત કરતા રહો પરંતુ સવારના સમયે અને તહજ્જુદની નમાઝમાં પણ કુરઆન પઢવા પ્રયત્ન કરો.

"શરહે એહયા"માં લુખ્ય છે કે જે માણસ સવારની નમાઝ પઢી ને કુરઆન શરીફ ખોલીને તેમાંથી એકસો આયત જેટલું પઢીલે, તેનો સવાબ આખી દુનીયા જેટલો લખવામાં આવે છે. કુરઆન શરીફમાં જોઈને પઢવાથી આંખોને પણ ફાયદો થાય છે. હઝરત અબુ ઉબૈદે (રહમતુલ્લાહ અલયહે) એક હદીસ મુસલસલ નકલ કરી છે. તે હદીસના દરેક રાવીએ જણાવ્યુ છે કે અમને આંખોની શિકાયત હતી, અમારા ઉસ્તાદે કુરઆન શરીફ જોઈને પઢવાનું કહ્યું જેથી અમારી શિકાયત દુર થઈ હતી. હઝુર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈર્શદ ફરમાવ્યો કે" જેવી રીતે લોઢાને કાટ લાગી જાય છે. તેજ રીતે દિલને પણ લાગે છે. વધુ પ્રમાણમાં મોતને યાદ કરવાથી અને કુરઆને પાકની તિલાવતથી દિલનો કટ ધોવાઈ જાય છે.

પ્યારા ઈસ્લામી ભાઈઓ અને બહેનો તમારા ઘરના દરેક શખ્સને દરરોજ કુરઆન શરીફ પઢવાની તાકીદ કરો. કારણ કે આ કુરઆનની તિલાવત તમારા સૌની મુશ્કેલીઓને દુર કરી. મુબારકે રમઝાન શરીફમાં તો એક કુરઆન શરીફ અવશ્ય પુરૂં કરો... સ્મઝાનબાદ અગર ટાઈમનો અભાવ હોયતો દરરોજ સવારના અડધો કલાક અવશ્ય કુરઆન શરીફ કે તેની સુરતો જેમાં સુરએ "યાસીન શરીફ" (૨૨ મા પારામાં છે), સુરએ મુઝમ્મીલ (૨૯ મા પારામાં છે ), "સુરએ દુખાન" (૨૫ માપારામાં છે ), સુરએ ઝીલઝાલ (૩૦ મા પારામાં છે), સુરએ કાફેરૂન "(૩૦મા પારામાં છે), "સુરએ ઈખ્લાસ કુલહોવલ્લાહો અહદ (૩૦મા પારામાં છે), સુરએ ફાતેહા અલહમ્દોશરીફ) અને "આયતુલ કુર્સી ને હંમેશાં તમારા તમામ ઘરના સભ્યો થોડામાં થોડી આટલી સુરતો પઢીને તમારા સૌના દિલોને મકાનને ઈલાહી નુરથી પ્રકાશીત કરો કારણકે કુરઆન મજીદનો એક એક અક્ષર નુરથી ભરેલો છે. એક-એક આયત અલ્લાહનો ક્લામ હોવાથી તેમાં ખૈર- બરકત-શીફા બધુંજ છે. તેની બરકતો મેળવતા રહોને થી રોઝી વધશે, બિમારીઓ દુર થશે અલ્લાહતઆલા રાજી થશે રસુલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ રાજી થશે. કબ્રમાં હશ્રમાં એજ તિલાવત થી બેડો પાર થઈ જશે. (ઈન્શાઅલાહ)

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૨૨/૪/૨૧ ચાંદ-૯ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૪૨ સવારે.**
**વકતે ઈફતાર ૭:૦૨ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

# દાહોદ પોલીસે રેમડેસીવીર ઈન્જેકશનના ઝડપેલ જથ્થને કોર્ટમાં રીપોર્ટ કર્યા અને જપ્ત કરેલ રેમડેસીવીર ઈન્જેકશન હોસ્પીટલમાં જતાં કરાવ્યા

દાહોદ,

દાહોદ શહેરમાં રેમડેસીવર ઈજેક્શનની કાળા બજારી કરી રહેલ અને ઉંચા ભાવે દર્દીઓના પરિવારજનોને વેચતા એક મેડીકલ સ્ટોરના ઈસમને દાહોદ એલ.સી.બી. પોલીસે ત્રણ દિવસ પહેલા રંગેહાથે રેમડેસીવર ઈન્જેક્શનના જથ્થા સાથે ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો. આ મામલે દાહોદ એલ.સી.બી.પોલીસે આ બાબતે નામદાર કોર્ટને રિપોર્ટ પણ કર્યો હતો અને જપ્ત કરવામાં આવેલ રેમડેસીવીર ઈન્જેકશનનો જથ્થો સિવીલ હોસ્પિટલમાં જમા કરવવામાં આવ્યો હતો.

તા.૧૭મી એપ્રિલના રોજ દાહોદ હોટલ ક્રિષ્ણા (ભોજનાલય) મુકામે કમલેશભાઈ ગટુલાલ રાજપુરોહીત (રહે.પાર્વતી નગર, રાબડાળ, દાહોદ) દ્વારા હાલ ચાલી રહેલ કોરોના વાયરસની મહામારીમાં કોરોના સંક્રમીત થયેલ ગંભીર દર્દીઓની સારવારમાં આપવામાં આવતાં રેમડીસીવર ઈન્જેકશનની અછત હોય આ આરોપીએ તેનો આર્થિક ફાયદો ઉઠાવવા માટે રેમડેસીવર ઈન્જેક્શન નંગ.૧૧ નો ખોટી રીતે ગેરકાયદે વેપાર કરી ઈન્જેકશન તથા રોકડા રૂપીયા મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા. ૧,૩૯,૪૦૦ ના મુદ્દામાલ સાથે આ કમલેશભાઈ ગટુલાલ રાજપુરોહીતને દાહોદ એલ.સી.બી.પોલીસે છટકુ ગોઠવી રેમડેસીવીર ઈન્જેકશનના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો અને તેની વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સમગ્ર મામલે રેમડેસીવીર ઈન્જેકશનનો કબજે કરલે જથ્થા બાબતે નામદાર કોર્ટને રિપોર્ટ કરવામાં આવ્યો હતો અને સિવિલ હોસ્પિટલમાં આ જથ્થો સોંપવામાં આવે તે જરૂરીયાત મંદ દર્દીઓને ઉપયોગમાં આવે અને કોવિડની મહામારીથી મુક્ત થાય તે આશયથી સરકારી હોસ્પિટલમાં આ રેમડેસીવીર ઈન્જેકશનનો દાહોદ એલ.સી.બી. પોલીસ દ્વારા જમા કરવામાં આવ્યાં હતાં.

# દાહોદના વતનીની અંતિમ ઈચ્છા પૂર્ણ કરવા અમદાવાદથી દુબઈ તાત્કાલિક પંડિત તેડાવ્યા

દાહોદ,

દાહોદમાં ભારત પાકિસ્તાનના ભાગલા પછી આવેલા ઘણાં પરિવારો વસે છે.આવા જ એક પરિવારના મોભીનુ આવસાન હાલમાં જ દુબઈમાં થયુ પરંતુ સદગતની ઈચ્છા તેમની અંતિમ વિધિ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી થાય તેવી હતી.બીજી તરફ દુબઈમાં એવા પંડિત કે શાસ્ત્રી ઉપલબ્ધ ન હોવાથી છેવટે અમદાવાદથી પંડિત તેડાવી તેમની ઈચ્છા પ્રમાણે અંતિમ ક્રિયા કરવામાં આવી હતી.

અખંડ ભારતના સિંધ પ્રાંતમાં ૧૯૯૨૩ માં હરિષચંદ્ર સાહિત્યાની(સહેતાઇ)નો જન્મ થયો હતો.સિંધી સમાજના આ પરિવારનુ કદ દાહોદમાં ઘણું મોટું છે ત્યારે હરિષચંદ્ર પણ દાહોદમાં પોલીસ સ્ટેશનની નજીક આવેલી સિંધી સોસાયટીમાં જ રહેતા હતા.આમ તો આ સમાજમાં નોકરિયાત વર્ગ ઘણો ઓછો હોય છે પરંતુ તેઓ ભારત સંચાર નિગમમાં મધ્યપ્રદેશમાં ફરજ બજાવતા હતા.આ પહેલા તેમણે આઝાદીની લડાઈમાં પણ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હોવાથી તેઓ સ્વાતંત્ર્ય સેનાની પણ હતા.

આ સ્વાતંત્ર્ય સેનાનીની પોતાની ભારત સંચારની ફરજ દરમિયાન જ અમૃતસરથી આવેલાપંડિત દેવ પ્રકાશ શાસ્ત્રાર્થ મહારથી સાથે મુલાકાત થઈ હતી.તેમણે પંડિત દેવપ્રકાશ સાથે રહીને મધ્યપ્રદેશના ઝાબુઆ વિસ્તારમાં ધર્મ પરિવર્તન રોકવા કામગીરી પણ કરી હતી.ઉપરાંત ઝાબુઆ અને રતલામ જિલ્લામાં આર્ય સમાજના કાર્યોનો વિસ્તાર અખિલ ભારતી દયાનંદ સેવા સંઘમાં બાલવાાડી ચિકિત્સાલય સંસ્કાર કેન્દ્ર વિદ્યાલય આશ્રમ સ્વરૂપે થયો હતો.

હાલ તબિયત નાદુરસ્ત હોવાથી હરિષચંદ્ર સાહિત્યાની તેમના બે પુત્રો દુબઈમાં છે તેમની સાથે રહેતા હતા.તેમની ઈચ્છા હતી કે તેમના મૃત્યુ પછીની વિધિ વૈદિક રીતે કરવામાં આવે.ત્યારે હાલમાં જ તેમનુ મૃત્યુ થયુ પરંતુ દુબઈમાં વૈદિક વિધિ કરનાર વિદ્વાન પંડિત કે શાસ્ત્રી મળી શક્યા નહી.છેવટે તેમના પુત્રોએ આમદાવાદથી આચાર્ય બલભદ્રને દુબઈ માાત્ર વૈદિક વિધિ માટે બોલાવ્યા અને તેમના માટે તાત્કાલિક વિઝા પણ કઢાવવામાં આવ્યા.આચાર્ય બલભદ્રએ દુબઈ જઈને વૈદિક પધ્ધતિથી શાંતિ યજ્ઞ સંપન્ન કર્યો.

# ધાનપુર અલિન્દ્રા ગામે પરણીત યુવતીના અપહરણની અદાવતમાં ધિંગાણું મચાવ્યું

ધાનપુર,

ધાનપુર તાલુકાના અલિન્દ્રા ગામે પરણીત યુવતીને પત્ની તરીકે રાખવા ભગાડી લઈ ગયાની અદાવત રાખી મારક હથિયારો સાથે આવેલા મધ્યપ્રદેશના પાંચ જેટલા ઈસમોએ છોકરાના તથા તેના સગાવ્હાલાઓના ઘરોના નળીયા તથા ઘરવખરી સામાન તોડી નુક્શાન પહોંચાડી મરઘાઓને લાકડીઓ મારી મારી નાખી તેમજ મારી નાખવાની ધાકધમકીઓ આપી ધિંગાણું મચાવયાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કઠીવાડા તાલુકાના ભજીવાળા ગામના આમલીયાર કુટુંબના મહેશભાઈ નારસીંગભાઈ છગનભાઈ ધારજીભાઈ, તેરીયાભાઈ નગરાભાઈ, રસુભાઈ રૂપલાભાઈ તથા અમરાભાઈ સબુડાભાઈએ એક સંપ કરી ગેરકાયદેસર મંડળી બનાવી ધાનપુર તાલુકાના અલિન્દ્રા ગામે નરસુભાઈ મડીયાભાઈ બારીયાના ઘરે આવી તારો છોકરો નિલેશ અમારી વહુ નીયાબેનને પત્ની તરીકે રાખવા ભગાડી ગયો છે તેની અદાલત રાખી હાથમાં મારક હથિયારો સાથે આવી નરસુભાઈ બારીયા તથા તેમના સગાઓના ઘરોને ટાર્ગેટ બનાવી ઘરોના નળીયા તેમજ ઘરવખરીનો સરસામાનની તોડફોડ કરી તેથી નરસુભાઈના મરઘાઓને લાકડીઓ મારી મોતને ઘાટ ઉતારી દીધા બાદ નરસુભાઈને જાનથી મારી નાખવાની ધાકધમકીઓ આપી ધિંગાણું મચાવ્યું હતુ. આ સંબંધે અલિન્દ્રા ગામના ખેડા ફળીયામાં રહેતા નરસુભાઈ બારીયાએ નોંધાવેલ ફરીયાદને આધારે ધાનપુર પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 203

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૮૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસો થી જીલ્લા સહિત ગોધરામાં કોરોના સંક્રમણના કેસમાં પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જીલ્લા માટે કોરોનાની બીજી લહેર ઘાતક પુરવાર થઈ રહી છે. કોરોનાના બીજા સ્ટ્રેનમાં મૃત્યુઆંક પણ ઝડપ થી વધી રહ્યો છે. બીજા સ્ટ્રેનના કોરોના લહેરમાં યુવાનો અને બાળકો પણ સંક્રમિત થઈ રહ્યા છે. જેને લઈ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતિત બન્યું છે. લોકો સોશ્યલ ડિસ્ટન્સ જાળવે, માસ્ક પહેરીને સંક્રમણ થી બચી શકે છે. તે જે કોરોના સંક્રમણ થી બચવાનો રામબાણ ઈલાજ લાગી રહ્યો છે. હાલ જીલ્લામાં સરકારી કોવિડ હોસ્પિટલો તેમજ ખાનગી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓ વધી રહ્યા છે. જેને લઈ નવા દર્દીઓ માટે બેડ પણ ખાલી નથી.તેવી બુમો ઉઠી રહી છે. તેમાં પણ કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણનો ભોગ બનતા દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટી જતું હોવાથી ઓકસીજન બેડની જરૂરીયાત ઉભી થઈ રહી છે. તે એક સમસ્યા બની છે. આજરોજ જીલ્લામાં ૮૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં શહેરા વિસ્તારમાં ૫૦ જયારે ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે.

કોરોનાની બીજી લહેરમાં પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેર કોરોના સંક્રમણ થી વધુ પ્રભાવિત થયું છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમિત કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. કોરોના પ્રથમ વેવમાં જીલ્લામાં શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું હતું. જે બીજી કોરોન લહેરમાં શહેરી વિસ્તારો સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ કોરોના સંક્રમણ ઝડપ થી ફેલાઈ રહ્યું છે. જીલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણને જોતા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓને પહોંચી વળવા માટે બેડની સંખ્યા વધારી છે. સાથે ખાનગી હોસ્પિટલોને પણ ૧૫ જુન સુધી કોવિડ સારવાર માટે છુટ આપવામાં આવી છે. તેમ છતાં કોરોના સંક્રમિત દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં જગ્યા નથી મળી રહી તેવી સ્થિતી જોવા મળી રહી છે. પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરની ઘાતક અસર અને ઝડપી ફેલાતા સંક્રમણ વચ્ચે પણ ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નસરાની મોસમ પુરજોરમાં ચાલી રહી છે અને આવા લગ્ન પ્રસંગોમાં કોરોના ગાઈડ લાઈન મુજબ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન થઈ રહ્યું નથી. પરિણામે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોના સંક્રમણની પ્રભાવિત થયા છે. કોરોના મહામારીના બીજા સ્ટ્રેનમાં સંક્રમણ ઝડપ થી ફેલાઈ રહ્યું છે અને જયારે યુવાનો અને બાળકો પણ કોરોના સંક્રમણનો ભોગ ઝડપથી બની રહ્યા છે. તેમાં પણ કોરોન સંક્રમણનો ભોગ બનતા યુવાનો મૃત્યુઆંકમાં વધારો થઈ રહ્યો તે જોતાં આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. લોકોને કોરોના મહામારીમાં સંક્રમણ થી બચવા માટે માસ્ક પહેરવા સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ કોરોના વેકસીન લેવા માટે અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે લોકો સંક્રમણ થી બચવા કોરોના ગાઈડ લાઈનની અમલવારી કરે તે જરૂરી છે.



## ગોધરાના સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર માટે વેઈટીંગ

ગોધરા સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર માટે વેઈટીંગ ચાલી રહ્યું છે. ગોધરા સ્મશાનગૃહમાં આવેલ ગેસ સંચાલિત ફરનેશ બીજી વખત ક્ષતિગ્રસ્ત થયો છે. છેલ્લા ૪૮ કલાક ઉપરાંતના સમયમાં ૧૮ મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે હાલ વેઈટીંગ ચાલી રહ્યું છે. ગોધરા સ્મશાન ગૃહમાં ૧ મૃતદેહના અગ્નિ સંસ્કારમાં થતા ત્રણ કલાક લાગે છે. ત્યાં સુધી અન્ય લોકોને વેઈટીંગમાં રહેવું પડે છે.

## કુંભમેળા માંથી આવેલ યાત્રિકોના આંકડા તંત્ર દ્વારા કેમ છુપાવવામાં આવે છે ?

હાલ કોરોના માજા મૂકીને ગોધરાવાસીઓ પર વરસી રહ્યો છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આંકડાની માયાજાળ રમી રહ્યું છે. હાલ આ સમયે કુંભ મેળા માંથી આવતા યાત્રિકોનું લીસ્ટ તંત્ર કેમ જાહેર કરતું નથી. તે હાલ ચિંતાનો વિષય છે. શું કુંભ મેળા માંથી આવેલ યાત્રિકોને સંખ્યા વધારે છે કે પછી આવેલ યાત્રિકોમા કોરોના સંક્રમણ વધારે છે. તે હાલ તંત્ર આ વાતને લઈ કોઈપણ માહિતી આપવા તૈયાર નથી. માત્ર ગોળ ગોળ વાતો કરી મીડીયા કર્મીઓનું ધ્યાન ભટકાવી રહ્યા છે.

## પંચમહાલમાં કોરોનાના કેસની સંખ્યા

: શહેરી વિસ્તાર :
ગોધરા-૩૩
હાલોલ-૧૨
કાલોલ-૦૫

: ગ્રામ્ય વિસ્તારો :
ગોધરા-૦૫
ઘોઘંબા-૧૮
હાલોલ-૦૪
જાંબુઘોડા-૦૨
કાલોલ-૦૨
મોરવા(હ)-૦૩
શહેરા-૦૨

કોરોના સક્રિય કેસ-૬૮૩
સાજા થયેલ દર્દી-૨૬
મૃત્યુઆંક-૦૦

# શહેરામાં બુધવારના રોજ ધંધા રોજગાર બંધ રહ્યા

શહેરા,
કોરોનાનું સંક્રમણ વધે નહિ તે માટે શહેરામાં બુધવારના રોજ વેપારીઓ એ સ્વૈછિક ધંધા રોજગાર બંધ રાખ્યા હતા. નાના મોટા વેપારીઓ ગુરૂ અને શુક્રવારે પણ બજારો બંધ રાખનાર છે. જયારે તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં સ્થાનિક લોકો એ ઝાડ ની આડાશ મૂકીને અવર જવર વાળા અમુક ડામર રસ્તાઓ બંધ કરી દીધા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં કોરોના નું સંક્રમણ વધતા આરોગ્ય વિભાગ સહિત વહીવટી તંત્ર ભારે ચિંતિત છે. કોરોનાનું સંક્રમણ ઘટે તે માટે બુધવારના રોજથી વેપારીઓ એ સ્વૈચ્છિક દુકાનો બંધ રાખી હતી. મેઈન બજાર, સિંધી ચોકડી, બસ સ્ટેશન સહિત અનેક વિસ્તારોમાં આવેલા બજારો બંધ રહેતા લોકો ની અવર જવર પર બ્રેક લાગી હતી. વહીવટી તંત્ર અને પ્રાંત અધિકારી જય બારોટ, મામલતદાર મેહુલ ભરવાડ અને આરોગ્ય અધિકારી ભરત ગઢવી દ્વારા પ્રજાજનોને કોરોના વેક્સિન અવશ્ય મૂકાવો અને માસ્ક ફરજિયાત પહેરો સાથે સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. નગર વિસ્તારમાં વેપારીઓ એ પોતાના ધંધા-રોજગાર ત્રણ દિવસ માટે એટલે શુક્રવાર સુધી બંધ રાખનાર હોવાથી બજારોમાં લોકોની અવર જવર પર બ્રેક લાગશે તો નવાઈ નહી. તાલુકાના ગ્રામીણ વિસ્તારમાંથી પસાર થતા અનેક ડામર રસ્તાઓ ઉપર સ્થાનિક લોકો દ્વારા ઝાડની આડાશ ગોઠવીને રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. બીલીયા ચોકડી થી કોઠંબા તરફ જવાનો માર્ગ, ધારાપુર થી કોઠંબા તરફ જવાનો માર્ગ તેમજ ખોખરી પાનમ નદી થી ધામણોદ તરફ જતો માર્ગ આ સહિત અનેક ગામો તરફ જતા રસ્તાઓ અવર-જવર માટે સ્થાનિક લોકો દ્વારા બંધ કરી દેવામાં આવતા વાહનચાલકોને ત્યાંથી પસાર થવામાં મુશ્કેલી વેઠવી પડી હતી.

શહેરામાં કોરોનાના કેસોની વધતી જતી સંખ્યાને લઈને વેપારીઓ એ બુધવાર, ગુરૂવાર અને શુક્રવાર એમ ત્રણ દિવસ સુધી સ્વૈચ્છિક દુકાનો બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. બુધવાર ના રોજ વેપારીઓ એ દુકાનો બંધ રાખતા બજારો સજજડ બંધ રહ્યા હતા.જયારે અમુક મોટા વેપારીઓ પાછલા દરવાજે ધંધો કરતા નજરે પડી રહ્યા હતા. સાથે પ્રિન્ટ કરતા પણ વધુ ભાવો લેવામાં આવતી હોવાની બૂમો ઉઠી રહી હતી. જયારે વહીવટી તંત્ર કોરોનાનું સંક્રમણ ઘટે તે માટે પ્રયાસો કરી રહ્યા છે.

# કોરોનાની મહામારી વચ્ચે ગોધરામાં માનવતા મહેંકી

ગોધરા,
હાલના આ સમય કોરોનાની મહામારી વચ્ચે ગોધરાના યુવાન વિવેકભાઈ શાહ દ્વારા હોમ આઈસોલેટ થયેલ કોરોનાના દર્દીઓને વિના મૂલ્યે ભોજન પહોંચાડવાનું કામ કરી એક માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરામાં કોરોના કેસો દિનપ્રતિદિન વધી રહે છે. ત્યારે તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવે છે કે, કોરોનાના નોરમલ સીમટમ્સ હોય તેવા લોકોને ઘરે જ આઈસોલેટ કરવાની સૂચના કરેલ છે અને આવા હોમ આઈસોલેટ થયેલ દર્દીઓને ઘરમાં અન્યને સંકમિતના કરે તે માટે અને પરિવારજનોને તકલીફના વેઠવી પડે તે માટે ગોધરાના યુવાન એવા વિવેકભાઈ શાહ દ્વારા હોમ આઈસોલેટ થયેલ દર્દીઓને ઘરે જઈને ફ્રી માં ભોજન આપવાનું શરૂ કર્યું છે. ત્યારે આજે ગોધરાના ૩૦ થી વધુ પરિવારોને વિવેકભાઈના નિઃશુલ્ક ટીફિન સેવાનો લાભ લઈ રહ્યા છે. આ યુવાન દ્વારા કરવામાં આવે પહેલ ને લોકો દ્વારા સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. અને નાતજાતના ભેદભાવ વિના ગોધરાના તમામ વિસ્તારોમાં આ સેવાયક્ષ વિવેકભાઈ દ્વારા કરી રહ્યા છે અને એમની સેવાનો વધુ લોકો લાભ લે તેવી ઈચ્છા વ્યકત કરી રહ્યા છે. સેવાનો લાભ મેળવનાર પરિવારજનો તરફ થી વિવેકભાઈનો વિડીયો સોશયલ મીડીયામાં અપલોડ કરી તેમની સેવાનો આભાર માન્યો છે. ત્યારે પંચમહાલ સમાચાર આવા સેવાભાવિ યુવાનોને સલામ કરે છે.

# કાલોલમાં સ્વૈચ્છિક લોકડાઉનને લઈ વેપારીઓમાં અસંતોષ જોવા મળ્યો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલમાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને જોતા પાલિકા વિભાગ અને વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સાથે મળીને વેપારીઓ સાથે મીટીંગ યોજી હતી. જેમાં સોમવાર થી ૪ વાગ્યા સુધી દુકાનો ચાલુ રાખવાનો તેમજ મંગળવારના રોજ સંપૂર્ણ બંધ પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેનો ફિયાસ્કો જોવા મળ્યો મંગળવારના રોજ દુકાનો ચાલુ રાખી હતી.

કોરોના મહામારીની બીજી લહેર ઘાતક પુરવાર થઈ રહી છે. કોરોના સંક્રમણ ઝડપી રીતે લોકોને ભરડામાં લઈ રહ્યું છે. ત્યારે લોકોમાં સંક્રમણ ન ફેલાય તે માટે સ્થાનિક તંત્ર દ્વારા વેપારીઓ સાથે મીટીંગ યોજીને ધંધા રોજગાર માટે સમય મર્યાદા નકકી કરવા માટે સહમતી લેવામાં આવે છે અને તેના પંચમહાલ જીલ્લામાં વેપારી વર્ગ તરફ થી સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. કાલોલ નગરમાં પાલિકા વિભાગ, સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા કાલોલના વેપારીઓ સાથે મીટીંગ યોજવામાં આવી હતી અને સોમવાર થી કાલોલના બજારો ૪ વાગ્યા પછી સ્વૈચ્છિક બંધ પાડવામાં આવશે. તથા દર મંગળવારે ગુમાસ્તાધારા હેડળ સંપૂર્ણ બંધ પાડવામાં આવશે. તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. આખરે ચાર વાગ્યા પછી ચાલુ રહેશે. દુકાનો સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરતા દુકાનો બંધ થવા માડયા હતા.

# ઘોઘંબાના બાકરોલ ગામે વહેલી સવારે ઘરમાં ઘુસી દિપડાએ હુમલો કર્યો

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના બાકરોલ ગવામે વહેલી સવારે છ વાગ્યે દિપડો ઘરમાં ઘુસી ગયો હતો અને એક વ્યકિત ઉપર હુમલો કર્યો હતો. દિપડો ઘરના માળીયામાં સંતાયો હોવાની દહેશત છે. વન વિભાગ ઘટના સ્થળે દોડી આવીને દિપડાને પકડવા માટે રેસ્કયુ હાથ ધરવામાં આવ્યું છે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના બાકરોલ ગામે આજરોજ વહેલી સવારે ૬ વાગ્યાના સમયે દિપડો રહેણાંક ઘરમાં ઘસી આવ્યો હતો અને એક વ્યકિત ઉપર હુમલો કરી ઈજાગ્રસ્ત કર્યો હતો અને દિપડો ઘરમાં સંતાઈ ગયો હતો. દિપડાના હુમલાના પગલે ગ્રામજનોમાં દહેશત વ્યાપી જોવા મળી છે. દિપડો ઘરના માળીયામાં સંતાયો છે. વહેલી સવારે દિપડા એ ઘરમાં ઘુસી જઈને એક વ્યકિત ઉપર હુમલો કર્યાની ઘટનાની ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી. જેને પગલે ફોરેસ્ટની વન વિભાગની રેસ્કયુ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને મકાનમાં રેસ્કયુ હાથ ધરવામાં આવ્યું છે. બાકરોલ ગામે રહેણાંક ઘરમાં ઘુસી જઈને એક વ્યકિત ઉપર દિપડા એ હુમલા કરવાની ઘટનાને લઈ ગ્રામજનો દહેશતમાં આવ્યા છે. વન વિભાગ દ્વારા દિપડાને ઝડપી પાડવા રેસ્કયુ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે હાજર પોલીસ દ્વારા આસપાસ એકઠા થયેલ લોકટોળાને દુર કર્યા હતા. મોડી સાંજ સુધી ઘરમાં સંતાયેલ દિપડો પકડયો નથી. ફોરેસ્ટ વિભાગ ત્યારે દિપડો પાંજરે પુરાય અથવા જંગલમાં ચાલ્યો જાય તો ગ્રામજનોને હાશકારો થાય તેમ છે.

- દિપડો ઘરના માળીયામાં સંતાયો.
- દિપડાને ઝડપી પાડવા વન વિભાગે રેસ્કયુ હાથ ધર્યુ.
- બાકરોલ ગામના લોકોમાં દિપડો પાંજરે પુરાય ન ત્યાં સુધી દહેશતમાં.

# મોરવા(હ)માં વેપારીઓ દ્વારા સ્વૈચ્છીક લોકડાઉન પાડ્યું


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),
કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને મોરવા(હ) મામલતદાર દ્વારા સાલીયા પંચાયત અને સંતરોડના વેપારીઓ સાથે મીટીંગ યોજી હતી અને કોરોના મહામારીને લઈ બજારો સવારે ૮ થી ૨ વાગ્યા સુધી ચાલુ રાખવા નિર્ણય લેવામાં આવ્યો.

કોરોના મહામારીની બીજી લહેરમાં સંક્રમણ ઝડપ થી લોકોમાં ફેલાઈ રહ્યું છે. કોરોના સંક્રમણને જોતાં મોરવા(હ) મામલતદાર દ્વારા સાલીયા સરપંચ અને પોલીસ સાથે મળીને સંતરોડના વેપારીઓ સાથે મીટીંગ યોજી હતી. મીટીગમાં કોરોના સંક્રમણને જોતાં ધંધા રોજગાર માટે સવારે ૮ વાગ્યા થી બપોરના ૨ વાગ્યા સુધી દુકાનો ચાલુ રાખી શકાશે તેમજ રવિવારના રોજ બજાર સદંતર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કોરોના ગાઈડ લાઈન મુજબ લેવામાં આવેલ નિર્ણય અને નિયમનું પાલન નહિ કરનાર વેપારી પાસેથી ૫૧૦૦ રૂપીયા સ્થળ દંડ અને ૭ દિવસ માટે દુકાન સીલ કરવામાં આવશે.

# ગોધરા નર્સિંગ કોલેજમાંથી ભાગેલા કોરોના સંક્રમિત કેદી સામે ગુનો નોંધાયો

ગોધરા,
ગોધરા એલસીબી દ્વારા ડોકટરના મુવાડા નજીકથી બાઈક અને મોબાઈલ ચોરીના આરોપી મહેશ વણકર નામના આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. જેનો નિયમ મુજબ કોરોના ટેસ્ટ કરતા તે આરોપી કોરોના પોઝીટીવ મળી આવ્યો હતો. જેને લઈને બી-ડીવીઝન પોલીસ તેને લઈ ગોધરા સિવિલ હોસ્પિટલ સામે આવેલ સરકારી નર્સિંગ કોલેજ ખાતે સારવાર અર્થે લઈને આવી હતી. જયાં આરોપીને પોલીસની નિગરાણી હેઠળ સારવાર આપવામાં આવી રહી હતી પરંતુ આરોપી પોતે કોરોના સંક્રમિત હોવાનુ જાણતો હોવા છતાં પોતાની ધરપકડ ટાળવા માટે નર્સિંગ હોમમાંથી નીકળી જઈ ભાગી જવાનો પ્રયત્ન કર્યો હતો. જેને લઈને પોલીસ દ્વારા આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો અને તેની સામે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે એપીડેમિક ડીસીઝ એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ઘોઘંબા પોલીસે છેલ્લા બે દિવસમાં સામાજીક પ્રસંગોમાં કોરોના ગાઈડલાઈનના ધજાગરા ઉડાડતા ૪૨ સામે ગુનો

ઘોઘંબા,
છેલ્લા બે દિવસમાં લગ્ન પ્રસંગ તથા બાબરી તથા અન્ય ધાર્મિક કાર્યક્રમો તથા પાસ પરમીટ વિનાના પ્રસંગો અટકાવી જાહેરનામા ભંગના કુલ-૧૧ ગુન્હા દાખલ કરી કુલ ૪૨-આરોપીઓ વીરૂદ્ધ રાજગઢ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે લોકો કોરોનાને ભુલી પોતાના પ્રસંગો જેવા કે લગ્ન પ્રસંગ, બાબરી અને અન્ય ધાર્મિક પ્રસંગો કરી રહ્યા છે. ત્યારે લોકો પ્રસંગમાં કોરોનાની ગાઈડલાઈનનો સરેઆમ ભંગ કરતાં હોય અને માસ્ક પણ ન પહેરી કોરોનાનું સંક્રમણ વધારી રહ્યાં છે ત્યારે પોલીસ દ્વારા આવા લોકો સામે કડક કાર્યવાહી કરી પોલીસ ફરિયાદ નોંધી છે.

એક બાજુ પોલીસ દ્વારા સમાન્ય માણસોને દંડ કરવામાં આવે છે. ત્યારે બીજી બાજુ સત્તાધારી પક્ષના નેતાઓના પ્રસંગોમાં માત્ર ૧૦ વ્યકિત પર ફરિયાદ નોંધી અન્ય લોકોને છોડી દેવામાં આવ્યા હતાં. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજગઢ પોલીસ દ્વારા ઘોઘંબા તાલુકામાં લગ્ન પ્રસંગોમાં વાગતાં ૩ જેટલા ડી.જે. પકડી ગુનો નોંધયો છે. અને અન્ય પ્રસંગોમાં સોશ્યલડીસ્ટન્સનો ભંગ કરતાં લોકો સામે ગુનો નોંધે છે. હાલ સરકાર દ્વારા સામાજીક પ્રસંગોમાં માત્ર ૫૦ વ્યક્તિઓને મર્યાદિત સંખ્યા બોલાવાનો નિયમ કર્યો છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ્ય લોકો આ નિયમને ઘોળીને પી જતાં હોવાનું દેખાઈ રહ્યું છે. તેને દયાને લઇ રાજગઢ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.